dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 131 | AD - 2025, Maha Vad- 02 | Friday, Dt.14-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ

• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર ૩. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods A family township & resort
Vishal Lords INN
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દેતા ગૃહની કાર્યવાહી મુલત્વી રાખવી પડી

વક્ફ સુધારા બિલ પર જેપીસીનો અહેવાલ સંસદના બંને ગૃહમાં રજૂ

નવીદિલ્હી,તા.૧૩

વક્ફ (સુધારા) બિલ પર વિચારણા કરતી જેપીસીનો અહેવાલ ગુરુવારે લોકસભા અને રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન, વિપક્ષી સભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો. જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલે લોકસભામાં રિપોર્ટ રજૂ કર્યો હતો. વિરોધ પક્ષોનો આરોપ છે કે તેમની અસંમતિને રિપોર્ટમાં સામેલ કરવામાં આવી નથી.

સંસદમાં બજેટ સત્રના પ્રથમ તબક્કાના છેલ્લા દિવસે, વક્ફ બિલ પર જેપીસી રિપોર્ટ પર ભારે હોબાળો થયો હતો. વક્ફ સુધારા બિલ પર જેપીસી રિપોર્ટ પહેલા રાજ્યસભામાં અને પછી લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થયું હતું. આજની કાર્યવાહી સ્થગિત થવાની સાથે, બજેટ સત્રનો પહેલો ભાગ પૂર્ણ થયો છે. હવે બીજો તબક્કો ૧૦ માર્ચથી શરૂ થશે, જે ૪ એપ્રિલના રોજ સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, વક્ફ બોર્ડ બિલ અને નવા આવકવેરા બિલને મંજૂરી મળી શકે છે. ભાજપના સાંસદ મેધા કુલકર્ણીએ રાજ્યસભામાં આ અહેવાલ રજૂ કર્યો. જોકે, આ પછી તરત જ વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. આ કારણે ગૃહની કાર્યવાહી બંધ કરવી પડી હતી. સંસદમાં નવું આવકવેરા બિલ પણ રજૂ કરવામાં આવ્યું હતું. બંને બિલ રજૂ થતાં જ વિપક્ષે સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. આ પછી ગૃહને ૧૦ માર્ચ સુધી સ્થગિત કરવામાં આવ્યું છે. વક્ફ સુધારા બિલ સંસદમાં રજૂ થઈ ચૂક્યું છે. જોકે, વિપક્ષના ભારે વિરોધ વચ્ચે, તેને જેપીસીમાં મોકલવામાં



આવ્યું હતું. હવે જેપીસી રિપોર્ટ ગૃહમાં રજૂ કરવામાં આવ્યો. જોકે, જેપીસીમાં વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો કે સમિતિએ તેમનું સાંભળ્યું નથી. આવી સ્થિતિમાં આ મુદ્દા પર ફરી હોબાળો થયો હતો. આ બિલને લઈને લોકસભામાં ભારે હોબાળો થયો અને વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. આ અહેવાલ ગૃહમાં હોબાળા વચ્ચે રજૂ કરવામાં આવ્યો હતો. વિપક્ષના હોબાળા પર અમિત શાહે કહ્યું કે અમારી પાર્ટીને આ રિપોર્ટ સામે કોઈ વાંધો નથી. વિપક્ષે જેપીસી રિપોર્ટ પર પોતાનો વાંધો નોંધાવવો જોઈએ. લોકસભાની કાર્યવાહી ૧૦ માર્ચ સવારના ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. લોકસભામાં અગાઉ, સાંસદ જગદંબિકા પાલે ગૃહમાં વક્ફ બોર્ડ બિલ પર જેપીસી રિપોર્ટ રજૂ કર્યો હતો અને નાણામંત્રી નિર્મલા સીતારમણે ગૃહમાં નવો આવકવેરા કાયદો રજૂ કર્યો હતો. હવે બજેટ સત્રનો બીજો તબક્કો ૧૦ માર્ચથી શરૂ થશે. આ ઉપરાંત એઆઇએમઆઇએમના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પણ આ રિપોર્ટનો વિરોધ કર્યો છે અને તેને ગેરબંધારણીય ગણાવ્યો છે. અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, "વક્ફ સુધારો બિલ ગેરબંધારણીય છે. આ બિલ વક્ફને બચાવવા માટે નહીં પરંતુ મુસ્લિમો પાસેથી વક્ફ છીનવી લેવા માટે લાવવામાં આવી રહ્યું છે, તે વક્ફને નષ્ટ કરવા માટે લાવવામાં આવી રહ્યું છે. અમે તેની ટીકા કરીએ છીએ." ઓવૈસીએ વધુમાં કહ્યું કે આ બિલ બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૯નું ઉલ્લંઘન કરે છે. અમે આ બિલની નિંદા કરીએ છીએ. સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે વક્ફ સુધારા બિલ પર જેપીસી રિપોર્ટના સંદર્ભમાં કહ્યું -"બિલ અંગેના અમારા સૂચનને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યું છે. આજે દેશ ખેડૂતો અને રોજગારની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. આ પ્રકારનું બિલ આના પરથી ધ્યાન હટાવવા માટે લાવવામાં આવ્યું છે. આ બજેટમાં આપણા ખેડૂતો માટે કંઈ નથી... આ બિલ એટલા માટે લાવવામાં આવ્યું છે કે આ બજેટની ચર્ચા ન થાય... અમે ફક્ત આ બિલનો વિરોધ જ નથી કર્યો પણ તેનો બહિષ્કાર પણ કર્યો છે."

મહારાષ્ટ્રમાં મહાયુતિ હોય કે મહા વિકાસ આઘાડી, બંનેમાં અસંતોષ

મુંબઈ,તા.૧૩

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારની રચના થઈ ત્યારથી જ આંતરિક સંઘર્ષ ચાલી રહ્યો છે. સત્તામાં બેઠેલા નેતાઓનો રોષ ખુલ્લેઆમ બહાર આવી રહ્યો છે. એટલું જ નહીં, મહાયુતિ (ભાજપ, એકનાથ



શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી) તેમજ વિપક્ષી જોડાણ મહા વિકાસ આઘાડી (કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શરદ પવારની એનસીપી) માં નારાજગી જોવા મળી રહી છે. મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ મચી ગઈ છે. મહારાષ્ટ્રનું શાસક મહાયુતિ ગઠબંધન હોય કે વિપક્ષી ગઠબંધન મહા વિકાસ આઘાડી, બંને ગઠબંધનના નેતાઓમાં પરસ્પર નિવેદનો અને નારાજગી હવે સ્પષ્ટ દેખાઈ રહી છે. એકનાથ શિંદે સીએમ દેવેન્દ્ર ફડણવીસથી નારાજ હોવાની ચર્ચા છે, જ્યારે એક એવોર્ડ સમારોહ પછી, ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના નેતાઓ શરદ પવારથી નારાજ થયા છે. મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારની રચના થઈ ત્યારથી જ આંતરિક સંઘર્ષ ચાલી રહ્યો છે. હવે, 'ગાર્ડિયન મિનિસ્ટર' પદ પ્રત્યેનો રોષ પણ ખુલ્લેઆમ સામે આવ્યો છે.




સર્વોતમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા
શ્રી પરશોત્તમભાઈ રૂપાલા સાંસદશ્રી
ડો. જીવરાજ મહેતા સંસ્થાપક
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
આયોજિત
વસંતોત્સવ-૨૦૨૫
66YEARS
જાહેર નિમંત્રણ
ઉમંગની પાંખે ઉડતી વસંત સૃષ્ટિના મનોહર શણગારથી શોભતી હોય ત્યારે ઉર્મિશીલ હૈયાને પૂલકિત કરતા વસંતના વાયરાનો વૈભવ, આજે પણ વનમાં અને જનમાં, રહેશે સદા સૌના તનમાં, વસંત જ્યારે વાસંતી વાયરાના સુવાસથી મઘમઘતી હોય ત્યારે ભવ્ય.... વસંતોત્સવ - ૨૦૨૫ કાર્યક્રમમાં આપનું આગમન અમારા માટે ઉત્સાહની સુગંધ પ્રસરાવશે તો સંસ્થાના ભુલકાઓ દ્વારા રજુ થતા વૈવિધ્યપુર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમનું હદયપૂર્વક રસપાન કરવા અને રંગમંચના કલાકારોના કસબને પ્રોત્સાહિત કરવા આપશ્રીને સંસ્થા પરિવાર હદયના સ્પંદનોથી નેહ નિતરતુ નિમંત્રણ પાઠવે છે.
તારીખ : ૧૫-૦૨-૨૦૨૫, શનિવાર સમય : રાત્રે ૭:૩૦ કલાકે
સ્થળ : જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ ગ્રાઉન્ડ, વિધાસભા, લાઠી રોડ, અમરેલી
સમારોહના અધ્યક્ષશ્રીઓ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા (માન.સાંસદશ્રી, પૂર્વ કેન્દ્રીયમંત્રીશ્રી)
સમારોહના ઉદ્ઘાટકશ્રીઓ
શ્રી ભરતભાઈ સુતરીયા (માન.સાંસદશ્રી, અમરેલી)
શ્રી કૌશિકભાઈ વેકરીયા (માન.નાયબ દંડકશ્રી) શ્રી દિલીપભાઈ સંઘાણી (માન.ચેરમેનશ્રી, ઈફકો, ગુજકોમાસોલ)
શ્રી જે.વી. કાકડીયા (માન. ધારાસભ્યશ્રી) શ્રી મહેશભાઈ કસવાલા (માન.ધારાસભ્યશ્રી)
શ્રી જનકભાઈ તળાવીયા (માન. ધારાસભ્યશ્રી)
પ્રેરક ઉપસ્થિતિ શ્રી અશોકભાઈ ગજેરા (ડિરેકટરશ્રી, લક્ષ્મી ડાયમંડ)
નિમંત્રક
ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિધાસભા સંચાલિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
શ્રી વસંતભાઈ ગજેરા - માન.પ્રમુખશ્રી
શ્રી હેમેન્દ્રભાઈ મહેતા - ઉપપ્રમુખશ્રી
શ્રી કિશોરભાઈ મહેતા - મંત્રીશ્રી
શ્રી મનસુખભાઈ ઘાનાણી - મંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા - ઉપપ્રમુખશ્રી
શ્રી લીંબાભાઈ જોધાણી - મંત્રીશ્રી
શ્રી ચતુરભાઈ ખુંટ - મંત્રીશ્રી

પૂંછમાં પાકિસ્તાને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું, ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૧૩

ભારતની સરહદે નિયંત્રણ રેખા પર પાકિસ્તાન પોતાની નાપાક પ્રવૃત્તિઓ બંધ કરવાનું નામ નથી લઈ રહ્યું. તેમણે જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું અને ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ ઉશ્કેરણી વગરના ગોળીબારનો યોગ્ય જવાબ આપ્યો હતો. સુરક્ષા અધિકારીઓએ આ માહિતી આપી હતી. પાકિસ્તાન બાજુ કેટલી જાનહાનિ થઈ તે તાત્કાલિક જાણી શકાયું નથી, પરંતુ અધિકારીઓએ જણાવ્યું હતું કે દુશ્મન દળોને "ભારે નુકસાન" થયું છે.

સંભલની જામા મસ્જિદમાં ૧૫૦ વર્ષ જૂના સર્વે રિપોર્ટમાં પણ મંદિર હોવાના પુરાવા

મુરાદાબાદ,તા.૧૩

સંભલની જામા મસ્જિદમાં થયેલા સર્વેને લઈને વધુ એક નવી માહિતી પ્રકાશમાં આવી છે. વહીવટીતંત્રનો દાવો છે કે ૧૮૭૪ના ૧૫૦ વર્ષ જૂના સર્વે રિપોર્ટમાં જામા મસ્જિદમાં મંદિર હોવાના પુરાવા મળ્યા હતા. આ અહેવાલ બ્રિટિશ એન્જિનિયર અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના મેજર જનરલ એ. કનિંગહામની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો. તે ૧૮૭૪-૭૫માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ હેઠળ બ્રિટિશ પુરાતત્વવિદ્ કાર્લીલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ ઈમારતનો સુંદર ગુંબજ કદાચ તેના પ્રકારનો અનોખો છે. તે કીસ્ટોનથી જમીન સુધી એક સ્પષ્ટ હોલો શેલ છે.

AIMS - એઈમ્સ
Care is our culture
HOSPITAL-AMRELI
હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડો. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઇમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
₹ 330/-
₹ 240/-
Pizza Combo
1 All in One Pizza + 1 Cold Coco
Offer Valid : 29-01-2025 to 28-02-2025
શીતલ આઇસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

ધારાસભ્ય મહેશ કસવાલાના પ્રયત્નોથી રૂા. ૫.૫૦ કરોડના ખર્ચે તાલુકાના ૨૨ ગામોમાં નવા ગ્રામપંચાયત બનશે

સાવરકુંડલા, તા.૧૩



સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સતત કાર્યરત રહેતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તાલુકાના ૨૨ ગામોમાં નવા ગ્રામ સચિવાલય સ્થાપવા માટે રાજ્ય સરકારમાંથી રૂ. ૫.૫૦ કરોડની મંજૂરી મેળવી છે. આ ગામોમાં રામગઢ, પીઠવડી, મિતીયાળા, વિજ્યાનગર, જૂનાસાવર, કાનાતળાવ, સાકરપરા અને અન્ય ગામોનો સમાવેશ થાય છે. કસવાલાએ જણાવ્યું હતું કે, અનેક ગામોમાં ગ્રામ સચિવાલય જર્જરિત હાલતમાં હતાં. જેના કારણે ગ્રામજનોને હાલાકીનો સામનો કરવો પડતો હતો તેથી નવા ગ્રામ સચિવાલય બને તે માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. નવા ગ્રામ સચિવાલય બનવાથી ગામના લોકોને વિવિધ સરકારી કામો માટે સુવિધા મળશે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટે વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે. આ કાર્ય બદલ કસવાલાને સાવરકુંડલા તાલુકાના લોકોએ અભિનંદન પાઠવ્યા છે.

સાવરકુંડલામાં વિજપડી નેશનલ હાઈવે અતિ બિસ્માર હાલતમાં

સાવરકુંડલા, તા.૧૩



સાવરકુંડલામાં આવેલ વિજપડી નેશનલ હાઈવે પર ઠેર ઠેર મસમોટા ખાડા પડી ગયા હોવાથી આ માર્ગ બિસ્માર હાલતમાં છે. અહીં રાજુલા અને અમરેલી જતાં વાહનચાલકો પસાર થતાં હોય છે. આ માર્ગમાં આવેલ ખાડાઓમાં પાણી ભરાવાથી આરોગ્ય પર પણ ખતરો રહે છે. ત્યારે આ માર્ગ પર પસાર થતાં વાહનચાલકોને મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે. આ માર્ગ પર ઠેર ઠેર મસમોટા ખાડા હોવાથી વાહન અકસ્માતની ઘટનાઓ પણ વધી છે. અનેક વખત આ માર્ગ બાબતે રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. આ રોડ પર કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલા આ રોડનું સમારકામ કરવામાં આવે તેવી રાહદારીઓ અને વાહનચાલકોમાંથી માંગ ઉઠી છે.

આહિર સમાજના સમૂહ લગ્નના સફળ આયોજન બદલ દાતાઓનો આભાર વ્યક્ત કરાયો

અમરેલી, તા.૧૩



અમરેલી જિલ્લા આહિર સમાજના યુવા પ્રમુખ કમલેશ ગરણિયાએ તાજેતરમાં યોજાયેલા સમાજના છઠ્ઠા સમૂહ લગ્નોત્સવની સફળતા બદલ તમામ દાતાઓ અને સ્વયંસેવકોનો આભાર માન્યો હતો. ફોરવર્ડ હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં ૭મી ફેબ્રુઆરીએ યોજાયેલા આ સમૂહ લગ્નોત્સવમાં ૧૭ દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા છેલ્લા છ માસથી સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર અને ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળના માર્ગદર્શન હેઠળ યુવા પ્રમુખ કમલેશ ગરણિયા અને તેમની ટીમે સતત મહેનત કરી હતી જે બદલ આહિર સમાજ દ્વારા આભાર વ્યક્ત કરાયો છે.

ભાજપના યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર

અમરેલી, તા.૧૩



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૫ અંતર્ગત ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીએ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પ્રચાર અભિયાન હાથ ધર્યું છે. તેમણે લાઠી, સાવરકુંડલા, ચલાલા અને રાજુલા નગરપાલિકાના ભાજપના ઉમેદવારોના સમર્થનમાં ડોર-ટુ-ડોર પ્રચાર કર્યો હતો. આ ઉપરાંત જિલ્લાના વિવિધ સ્થળોએ બેઠકોનું આયોજન કરી વધુમાં વધુ મતદાન થાય તે માટે આહ્વાન કર્યું હતું. સાથે જ તેમણે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ભારે બહુમતીથી વિજયી બનાવવા જનતાને અપીલ કરી હતી.

મતદાન મથકના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિએ એકઠાં થવું નહીં

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી, અમરેલી, સાવરકુંડલા, દામનગર નગરપાલિકા તથા બગસરા તાલુકા પંચાયતની વાઘણીયા જૂના, બાબરા તાલુકા પંચાયતની કરીયાણા અને ધારી તાલુકા પંચાયતની મીઠાપુર, ડુંગરી બેઠકોની ચૂંટણીઓનું મતદાન તા.૧૬/૨ ના રોજ યોજાશે અને મતગણતરી તા.૧૮/૨ના રોજ થશે. મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ જેવા સાધનો સાથે લઈ જઈ શકશે નહિ કે સાથે રાખી શકશે નહિ. મતગણતરી સ્થળની આજુબાજુમાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ એકઠાં થવું નહીં, સભાઓ ભરવી નહીં તેવું જાહેરનામું બહાર પાડ્યું છે.

લીલીયા કોલેજમાં ઈનોવેશન ક્લબ અંતર્ગત ટેકનિકલ કિટ્સની તાલીમ યોજાઈ

અમરેલી, તા.૧૩



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયામાં ઈનોવેશન ક્લબ અંતર્ગત બે દિવસીય DIY કિટ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કેસીજી-અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના નેતૃત્વ અને ડૉ. મહેશ એસ. ગઢિયાના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિનયન અને વાણિજ્ય શાખાના વિદ્યાર્થીઓને પણ ઈનોવેશન ક્ષેત્રે આગળ લાવવાનો હતો. ટ્રેનર અનુજ મિશ્રા દ્વારા વિદ્યાર્થીઓને બેઝિક ઈલેક્ટ્રોનિક્સ કિટ, એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સ કિટ, એડવાન્સ સાયન્સ કિટ જેવી વિવિધ ટેકનિકલ કિટ્સ અંગે થિયરી અને પ્રેક્ટિકલ માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

માંડવડા પ્રાથમિક શાળાના બાળકોને ટ્રેક ડ્રેસનું વિતરણ

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની મોટા માંડવડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમતગમત અને યોગાસન વખતે પહેરી શકાય તેવા ટ્રેક ડ્રેસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના જામકા સ્થિત સોલાર કંપની પર્યાપ્ત એનર્જી દ્વારા બુધવારે સી.એસ.આર. કાર્યક્રમ અંતર્ગત મોટા માંડવડા પ્રાથમિક શાળામાં ટ્રેક ડ્રેસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું ત્યારે સોલાર કંપનીના કર્મચારી સર્વ આલોક નિગમ, અનુપમ ચૌધરી, આકાશ શાહ, આમન્યા ગુપ્તા, પ્રવિણ લાડવા, શાળાના આચાર્ય કેશવભાઈ ચૌહાણ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મોટા માંડવડા શાળા પરિવાર દ્વારા સી.એસ.આર. એક્ટિવિટી અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ સોલાર કંપનીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488

નક્ષત્ર મોટર્સ



સોલાર રૂફટોપ સિસ્ટમ

વસાવો ઈલેક્ટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો.....

Rs.78000/- સબસિડી

ઈલેક્ટ્રીક બાઈક

ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ

ઈલેક્ટ્રીક બાઈક તુનવાન યો બાઈક

એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

જીટીયુની બી.ફાર્મની સેમ.૫ની પરીક્ષામાં ગજેરા કેમ્પસની વિદ્યાર્થિનીઓની ઝળહળતી સિદ્ધિ

અમરેલી,તા.૧૩



જીટીયુ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં B.Pharm સેમ.-V પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં ટોપટેનમાં ગજેરા કેમ્પસની શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજે ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કોલેજની વિદ્યાર્થિની તન્વાણી સ્નેહા એ. કોલેજ ફર્સ્ટ- SPT ૯.૩૩, ત્રાપસીયા હેમાંગી એ. કોલેજ સેકન્ડ - SPT ૮.૯૩ અને પટોળીયા ધાર્મી વી. કોલેજ થર્ડ - SPT ૮.૯૩ સાથે સફળતા પ્રાપ્ત કરી હતી. આ સિદ્ધિ બદલ સ્ટાફ, સ્ટુડન્ટ્સ અને રેન્કરને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

જામકા પ્રાથમિક શાળાના બાળકોને સોલાર કંપની દ્વારા સીએસઆર અંતર્ગત ટ્રેક ડ્રેસનું વિતરણ કરાયું

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની જામકા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમતગમત અને યોગાસન વખતે પહેરી શકાય તેવા ટ્રેક ડ્રેસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે સોલાર કંપનીના કર્મચારી સર્વ આલોક નિગમ, અનુપમ ચૌધરી, આકાશ શાહ, આમન્યા ગુપ્તા, પ્રવિણ લાડવા, શાળાના આચાર્ય, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જામકા શાળા પરિવાર દ્વારા સી.એસ.આર. એક્ટિવીટી અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ સોલાર કંપનીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમ જામકા પ્રાથમિક શાળાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero



Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz

મુકેશ સંઘાણી 94281 45595

New Number 97230 67130

હર્ષદ સંઘાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com


C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન નીચે તડામાર તૈયારીઓ શરૂ

સૌરાષ્ટ્રની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા વિદ્યાસભામાં ઉજવાશે વસંતોત્સવ

અમરેલી, તા.૧૩

અમરેલી શહેરમાં આવેલી સૌરાષ્ટ્રની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે વસંતોત્સવ-૨૦૨૫નું ભવ્ય આયોજન કરાયું છે. શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં યોજાનાર આ કાર્યક્રમમાં વર્તમાન, ભૂતપૂર્વ સ્ટાફ અને સ્ટુડન્ટ તેમજ શિક્ષણપ્રેમી લોકોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં અંદાજે ૧૨ થી ૧૫ હજાર લોકો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સિધ્ધી પ્રાપ્ત કરેલ હશે તેવા તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતગમતમાં રાજય અને નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત





કરેલ વિદ્યાર્થીઓ તેમજ વિશેષ સિધ્ધી પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરાશે. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ભરતભાઈ સુતરીયા તેમજ તમામ ધારાસભ્યો અને સામાજીક-રાજકીય આગેવાનોની ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમમાં સુરતથી ખાસ મહેમાન તરીકે અશોકભાઈ ગજેરા ઉપસ્થિત રહેશે. વિદ્યાસભા સંસ્થાને ૬૬ વર્ષ પૂર્ણ થતાં હોય આ કાર્યક્રમને ભવ્યથી ભવ્ય બનાવવા માટે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ મંત્રી ચતુરભાઈ ખુંટ અને સ્ટાફગણ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

૧૨ થી ૧૫ હજાર લોકોને કાર્યક્રમ માટે અપાયું આમંત્રણ

વાવેરા ગામે પે સેન્ટર શાળાના આચાર્ય રૂમના ટેબલ ઉપરથી હાજરી રજીસ્ટર ગુમ થયું

રાજુલા, તા.૧૩

રાજુલાના વાવેરા ગામે પે સેન્ટર શાળાના આચાર્યના રૂમના ટેબલ પરથી હાજરી રજીસ્ટર ગુમ થયું હતું. બનાવ અંગે શિક્ષક દિપાલીબેન વિનોદરાય સરવૈયા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેઓ વાવેરા પે સેન્ટર શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. શાળાના આચાર્ય રૂમના ટેબલ ઉપર રાખેલું શિક્ષકોનું દૈનિક હાજરી રજીસ્ટર ગુમ થયું હતું. જેને લઈ ચકચાર મચી ગઈ હતી.

ધારી ગીરના સહકારી આગેવાને વિવિધ મુશ્કેલીઓ મુદ્દે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

ધારી, તા.૧૩

ધારી ગીરના સહકારી આગેવાન લાલભાઈ નાકરાણીએ પંથકમાં રસ્તા, એસટી બસની સુવિધાઓ, વનવિભાગની કનડગત, આરોગ્યલક્ષી સુવિધા સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવ્યો હતો. અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કના ડાયરેકટર લાલજીભાઈ



નાકરાણીએ સ્થાનિક નેતાઓની કામગીરીઓ સામે પણ સવાલ ઉઠાવ્યા છે.

સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા-૨૦૨૫માં રજીસ્ટ્રેશન માટે માત્ર એક સપ્તાહ બાકી

અમરેલી, તા.૧૨

રાજકોટના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા તથા મદદ ટ્રસ્ટ અમરેલી દ્વારા આયોજિત સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા-૨૦૨૫ માટે રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૦ ફેબ્રુઆરી નિર્ધારિત કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએ યોજાનાર આ સ્પર્ધામાં સુગમ સંગીત, સમૂહગીત, લગ્નગીત, લોકગીત, ભજન, ગરબા, રાસ સહિત કુલ ૧૯ સાંસ્કૃતિક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્પર્ધા ત્રણ વયજૂથમાં યોજાશે ૮થી ૧૪ વર્ષ, ૧૫થી ૨૯ વર્ષ અને ૩૦ વર્ષથી ઉપરના તમામ માટે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ મદદ કાર્યાલય, સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી ખાતે રૂબરૂ અથવા ટપાલ/કુરિયર દ્વારા જરૂરી આધારો સાથે ફોર્મ જમા કરાવવાના રહેશે. વધુ માહિતી માટે મદદ કાર્યાલયનો સંપર્ક નંબર ૦૨૭૯૨-૨૨૪૯૫૯ અથવા મોબાઈલ નંબર ૯૯૧૩૨૯૮૧૦૮ (ચિરાગભાઈ) પર સંપર્ક કરી શકાશે. સ્પર્ધાનું આયોજન ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય, સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. શાળાઓ, કોલેજો, વિવિધ સંસ્થાઓ તેમજ ભણતા-ન ભણતા તમામ કલાકારોને આ સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મોકૂફ

અમરેલી, તા.૧૩

સ્થાનિક સ્વરાજય ચૂંટણી-૨૦૨૫ હોય અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ફેબ્રુઆરી-૨૦૨૫માં યોજાનાર બેઠક મોકૂફ રાખવામાં આવી છે. સંબંધિત પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓને તે અંગેની નોંધ લેવા અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટરે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

અમરેલી શહેરમાંથી હદપારનો ભંગ કરીને આવેલો ઇસમ ઝડપાયો

અમરેલી, તા.૧૩

અમરેલી શહેરમાંથી હદપારીનો ભંગ કરીને આવેલો ઈસમ ઝડપાયો હતો. નદીમભાઈ ગફારભાઈ બેલીમ (ઉ.વ.૩૬) તા.૧૯/૧૦/૨૦૨૪ થી તા.૧૮/૦૪/૨૦૨૫ સુધી અમરેલી જિલ્લામાંથી હદપાર હોવા છતાં કોઈપણ જાતની લેખિત મંજૂરી સિવાય અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી હદપારીનો ભંગ કરી જાહેરમાં મળી આવ્યો હતો.



CHANGE OF NAME

I heraby declare, Arpan Danabhai Chavda has changed my old name from Arpankumar Danabhai Chavda to Arpan Danabhai Chavda. so from now on I will be known by this name As Arpan Danabhai Chavda.

Arpan Danabhai Chavda
ADD: Nayab Jilla Vikas Adhikari, Jilla Panchayat, Amreli 365601. (Gujarat)

બાબરાના ખાખરીયા ગામે વીજશોક લાગતાં યુવકનું મોત

બાબરા, તા.૧૩

બાબરાના ખાખરીયા ગામે વીજશોક લાગતાં પરપ્રાંતીય યુવકનું કરૂણ મોત થયું હતું. યુવકના મોતના પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લાના છાપરી રગવાસના અને હાલ ખાખરીયા ગામે વાડીએ રહેતા મોહનભાઈ સોહનભાઈ વાખલાએ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર અનિલ મોહનભાઈ વાખલા (ઉ.વ.૨૪) પાણીની ઈલેક્ટ્રિક મોટર બંધ કરવા જતાં વીજશોક લાગતાં મરણ પામ્યો હતો.

-:: જાહેર નોટીસ ::-

ફો.પ.અ.નં.૦૯/૨૦૨૫

મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી

અરજદાર ::- મેતલીયા મુકેશભાઈ તળશીભાઈ ઉ.વ.૪૨ ધંધો ખેતી કામ ધર્મે હિન્દુ પટેલ. રહે. મતીરાળા. તા. લાઠી. જી. અમરેલી

-::વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધીકારી મતીરાળા ગ્રામપંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર ના પુત્રી મતીરાળા ગામના રહેવાસી છે. અરજદાર ના પુત્રી **મેતલીયા હેપીબેન મુકેશભાઇ** ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પુત્રી **મેતલીયા હેપીબેન મુકેશભાઇ** નો જન્મ જે તે સમયે મતીરાળા મુકામે જન્મ તારીખ-૨૪/૦૮/૨૦૦૮ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.


સ્થળ ::- લાઠી — શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા
તારીખ ::- ૧૦/૨/૨૦૨૫ — મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી



વી. કે. મોટર્સ

VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.



વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

-:: જાહેર નોટીસ ::-

ફો.પ.અ.નં.૧૦/૨૦૨૫

મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી

અરજદાર ::- લાડોલા રમેશભાઈ ખીમજીભાઈ ઉ.વ.૫૧ ધંધો ખેતીકામ ધર્મે હિન્દુ પટેલ. રહે. લાઠી. તા. લાઠી. જી. અમરેલી

-::વિરૂધ્ધ ::-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધીકારી લાઠી નગરપાલીકા

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે લાઠી ગામ ના રહેવાસી છે. અરજદાર ની પોતાની **લાડોલા રમેશભાઇ ખીમજીભાઇ** ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પોતાની **લાડોલા રમેશભાઇ ખીમજીભાઇ** નો જન્મ જે તે સમયે લાઠી મુકામે જન્મ તારીખ-૦૧/૦૬/૧૯૭૪ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ ::- લાઠી — શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા
તારીખ ::- ૧૦/૨/૨૦૨૫ — મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ

24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯

હોટેલ હોલીડે
M.8238744144



HOLIDAY
HOTEL



સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, ફઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીકસ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 9313571971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન


કેસ નોંધાવવા માટે : Mo. 9925076561

પરમ હાઈટ્સ, બીજો માળ, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

સાવરકુંડલામાં રેલવે સ્ટેશન પાસે ફૂટ ઓવરબ્રિજનું કામ પૂરજોશમાં ચાલુ

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલામાં રેલવે સ્ટેશન પાસે બની રહેલા ફૂટ ઓવરબ્રિજનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. લગભગ એકાદ માસમાં આ કામ પૂર્ણ થવાની ધારણા છે. આ ફૂટ ઓવરબ્રિજ બનતા શહેરના ખાદી કાર્યાલય, શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, માર્કેટ યાર્ડ તેમજ આ વિસ્તારમાં વસતાં અનેક રહીશોને કોઈ અવરોધ વગર રેલવેની સામે પાર પહોંચી શકાશે. આ બ્રિજ પર દિવ્યાંગો તેમજ વરિષ્ઠ નાગરિકો માટે કોઈ સુવિધા હશે કે કેમ? તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સાવરકુંડલા માનવમંદિરના પૂ. ભક્તિરામબાપુએ તાજેતરમાં જણાવ્યું હતું કે, પોતે એક મનોરોગી બહેનને સારવાર અર્થે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે લઈ જતાં હતાં ત્યારે ફાટક બંધ હોવાથી મુશ્કેલી અનુભવી હતી. ઈમરજન્સી સારવાર માટે આવા બંધ ફાટક પણ ઘણી વખત દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આમ ફૂટ ઓવરબ્રિજ આવા દર્દીઓ માટે જીવનરક્ષકની ભૂમિકા પણ ભજવી શકે છે. રેલવે સ્ટેશન પાસેથી અનેક ટ્રેન પણ પસાર થતી હોય લોકોને એક વિસ્તારમાંથી સામેના વિસ્તારમાં વિના અવરોધે આવવા જવા માટે પણ ફૂટ ઓવરબ્રિજ ખૂબ જરૂરી છે.



સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં સિઝનના નવા ઘઉંની આવક

હરરાજીમાં મુહૂર્તના ભાવ મણ દીઠ રૂ. ૯૦૨ બોલાયા

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં આજે સિઝનના નવા ઘઉંની આવક થઈ હતી. ગાધકડા ગામના ખેડૂત ભરતભાઈ બાલુભાઈ સાવલીયા મે.વૃજલાલ પોપટલાલ એન્ડ કું. ના કમીશનમાં ઘઉં વેચવા માટે આવેલ. આજથી સિઝનના નવા ઘઉંની આવકનો પ્રારંભ થતો હોવાથી યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણીએ પૂજન કરીને ખેડૂતો અને વેપારીઓનું મોં મીઠુ કરાવીને હરરાજીની શરૂઆત કરાવી હતી. વેપારીઓ, યાર્ડના સ્ટાફગણ અને ડીરેકટરોની ઉપસ્થિતિમાં બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી શાંતિલાલ સોમજીભાઈ અંબાણી દ્વારા રૂ.૯૦૨/- ની ઉંચી બોલી બોલીને ઘઉંની ખરીદી કરેલ. જેથી મુહૂર્તના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં પણ ખુશી વ્યાપી હતી.



માળીયા ગામે મહિલાએ ફિનાઈલ, વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે એસિડ પીધું

અમરેલી, તા.૧૩

અમરેલીના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે રહેતા વિશાલભાઈ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, ભોગબનનાર પોતાના પિતાના ઘરે આંટો મારવા આવ્યા હતા. તે વખતે ચા પાણી પીધા પછી ઘરકામ બાબતે સમજાવતા મનીષાબેનને સારું નહોતું લાગ્યું અને આવેશમાં આવી બાથરૂમમાં જતા રહ્યા હતા. જ્યાં પોતાની મેળે એસિડની બોટલમાંથી થોડું એસિડ પી લેતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી એએસઆઈ એ.પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. માળીયા ગામે રહેતી એક મહિલાને સવારથી મુંજારો થતો હતો, ગભરામણ થતી હોવાથી ક્યાંય ગમતું નહોતું. જેથી આવેશમાં આવીને થોડું ફિનાઈલ પી લેતાં સારવારમાં ખસેડાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

વડીયાના મોરવાડા બસ સ્ટેશન પાસે સગીરાને અશ્લીલ ઈશારા કરી શરીર સંબંધ બાંધવાની માંગ કરી

ચરખડીયા ગામે સીમ વિસ્તારમાંથી સગીરાનું અપહરણ

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં એક સગીરાને અશ્લીલ ઈશારા કરી શરીર સંબંધ બાંધવાની માંગ કરવામાં આવી હતી, જ્યારે બીજી સગીરાને ચરખડીયા ગામે સીમ વિસ્તારમાંથી બદકામના ઈરાદે ભગાડી જવામાં આવી હતી. વડીયાના મોરવાડા ગામના સાગરભાઈ જયસુખભાઈ મકવાણા તથા અનીલભાઈ કાળુભાઈ મકવાણા સામે સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓ ભોગબનનાર સગીર વયની છે તેમ જાણવા છતાં અવાર-નવાર પીછો કરી જાહેર સ્થળે અશ્લીલ શબ્દો બોલી ત્રાસદાયક કૃત્ય કર્યું હતું. આટલું જ નહીં અશ્લીલ ઈશારાઓ કરી શરીર સંબંધ બાંધવાની માંગણીઓ કરી જાતીય સતામણી કરી હતી. તેમજ આબરૂ જાય તેવા અશ્લીલ શબ્દો ઉચ્ચારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ સી. એન. દવે વધુ તપાસ કરી રહ્યા છે. મધ્યપ્રદેશના અલીરાજપુરના અને હાલ ચરખડીયા ગામની સીમમાં રહેતા સગીરાના પિતાએ તેમના જ રાજ્યના લાલસિંહ રેમુભાઈ ડાવર સામે તેમની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયાની ફરિયાદ નોંધાવી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

સરંભડા ગામના યુવકે યુવતી સાથે શરીર સંબંધ બાંધીને લગ્ન કરવાની ના પાડી

યુવતીના ભાઈ, બાપુજીને જાનથી મારવાની ધમકી પણ આપી

ચલાલા, તા.૧૩

ચલાલા પંથકમાં રહેતી એક યુવતી સાથે સરંભડા ગામાના યુવકે શરીર સંબંધ બાંધ્યો હતો. જે બાદ લગ્ન નહીં કરવાનું જણાવીને તેના પિતા તથા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ફફડી ઉઠેલી યુવતીએ સરંભડા ગામના અજયભાઈ ગોવિંદભાઈ દાફડા નામના યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેને લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લીધી હતી. જે બાદ ચલાલા બસ સ્ટેશનમાંથી મોટર સાયકલમાં બેસાડી સાવરકુંડલા તથા ધારી લઈ જઈ શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. તેમજ સુરત મુકામે લઈ જઈ ત્યાં પણ શરીર સંબંધ બાંધી આરોપી કહે તેમ નહી કરે તો દવા પી' જવાની ધમકી આપી શરીર સંબંધ બાંધીને દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત લગ્ન કરવાની ના પાડી હતી. તેમજ તેના બાપુજી તથા ભાઈને ફોન કરીને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરા-વાસાવડ-ગોંડલ રોડ પરના જર્જરિત નાળાં પુલિયાને નવા બનાવવા રૂ. ૨૩.૬૫ કરોડ મંજૂર થયા

અમરેલી,તા.૧૩



બાબરા-વાસાવડ-ગોંડલ રોડ પર આવેલા જૂના અને જર્જરિત નાળાં પુલિયાની સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાને આવતા તેમણે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. આ જર્જરિત પુલિયાના કારણે અકસ્માતો થવાની સંભાવના પણ રહેતી હતી.

જનકભાઈ તળાવીયાએ આ સમસ્યાને ગંભીરતાથી લઈને રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. તેમના સતત પ્રયાસોના પરિણામે સરકારે આ જર્જરિત નાળાં પુલિયાને આરસીસીના નવા બનાવવા માટે અંદાજિત રૂ. ૨૩ કરોડ ૬૫ લાખનો ખર્ચ મંજૂર કર્યો છે.

આ નાળાં પુલિયાના નવીનીકરણથી આ વિસ્તારના લોકોને મોટી રાહત મળશે. જર્જરિત પુલિયાના કારણે થતી મુશ્કેલીઓ દૂર થશે અને સલામત મુસાફરીનો અનુભવ થશે.

જિલ્લામાં ત્રણ સ્થળેથી ઈંગ્લીશ દારૂ ઝડપાયો: ૧.૭૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ સ્થળેથી ઈંગ્લીશ દારૂ ઝડપ્યો હતો. પોલીસે રૂપિયા ૧.૭૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલામાં ખેરા ગામની અંદર જવાના ટી-પોઈન્ટ પાસે ગોપાલભાઈ શિયાળના મીઠાના અગરમાં આવેલ ઓરડીમાંથી અમરેલી એસઓજી ટીમે ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૧૩૦ બોટલ મળી કુલ ૧,૦૧,૦૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખાંભાના ડેડાણ ગામના બસ સ્ટેશન પાસેથી બાઈક લઈને પસાર થતાં યુવક પાસેથી દારૂની બે બોટલ મળી હતી. પોલીસે કુલ ૬૨,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વાવેરા ગામે બર્બટાણા રોડ પર ગોળાઈ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૭ બોટલ યુવક પાસેથી ઝડપાઈ હતી. પોલીસે તેની પાસેથી દારૂની બોટલો અને બાઈક મળી કુલ ૧૧,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાં ૧૦ લોકો પાસેથી ૬૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. તેમજ અમરેલી કુંકાવાવ રોડ ઉપર હનુમાનના મંદિરની સામેથી એલસીબી ટીમે બાવળની કાંટમાં ચાલતી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી હતી. પોલીસે અહીંથી કુલ ૫૨૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ૯ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

બાબરાના રાયપર ગામે ભાઈએ સગા ભાઈને જાનથી મારવાની ધમકી આપી

માથામાં લાકડાનો ધોકો પણ માર્યો

બાબરા, તા.૧૩

બાબરાના રાયપર ગામે ભાઈએ સગા ભાઈને તું અહીંયા કેમ આવ્યો છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ માથામાં લાકડાનો ધોકો માર્યો હતો. બનાવ અંગે દિલીપભાઈ બાઘાભાઈ વાઘેલા (ઉ.વ.૩૨)એ પ્રકાશભાઈ બાઘાભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે તેઓ પોતાના ઘરે હતા તે દરમિયાન તેના ભાઈ વિક્રમભાઈનો ફોન આવ્યો કે મારી સાથે મોટા ભાઈઓ ભાવેશભાઈ તથા પ્રકાશભાઈ માથાકૂટ કરે છે. જેથી તમે ઘરે આવો. તેમણે વિક્રમભાઈના ઘરની બહાર પહોંચી વિક્રમભાઈને ફોન કરી ઘરની બહાર બોલાવી સમજાવેલ કે કેમ ઘરના ઘરના માથાકૂટ કરો છો, આ બાબતે આપણે સવારે વાત કરીશું. આ સમયે આરોપીએ લાકડાનો ધોકો લઈ આવી તેમને કહ્યું કે, 'તું અહીંયા કેમ આવ્યો છો. આજે તો તને જાનથી મારી નાખવાનો છે' તેમ વાત કરી માથા ઉપર લાકડાનો ધોકો માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.પી. ડેર બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૧૪-૦૨-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૦૦,
સૂર્યાસ્ત-૦૬:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

દૈનિક રાશિફળ

તા.૧૪-૦૨-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.

વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.

સિંહ: આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે.

કન્યા: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે.

તુલા: આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

વૃશ્ચિક: આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે.

મકર: આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.

મીન: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. આવક કરતા ખર્ચ વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.

લીલીયાની સરકારી કોલેજના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લઘુ નાટક રજૂ કર્યું

લીલીયા, તા.૧૩



ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના વડપણ હેઠળ કવચ કેન્દ્ર અંતર્ગત યુવા પેઢી સાયબર ફ્રોડથી જાગૃત થાય તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સાયબર રક્ષક નાટક ઉત્સવનું આયોજન મંગળવારે કરવામાં આવ્યું હતું. જેમાં લીલીયાની સરકારી કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના સાયબર ક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓએ ઉમદા લઘુ નાટ્ય વડે ડિજિટલ નાણાકીય સલામતી માટે સામાજિક જાગૃતિ અને સાયબર ક્રાઈમ તથા નિવારણ વિષય પર ઉમદા પર્ફોર્મન્સ આપી તમામ દર્શકોના દિલ જીતી લીધા હતા. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડે સમગ્ર ટીમને અભિનદન આપ્યા હતા. સાયબર ક્લબ કવચ કૉઓર્ડીનેટર પ્રો.ડૉ. સુભાષ ઓડેદરા સહિતની ટીમે આ માટે જહેમત ઉઠાવી હતી, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

રીક્ષામાં બેસેલા મોટા લીલીયાના યુવકનો મોબાઈલ પડી ગયો

અમરેલી, તા.૧૩

મોટા લીલીયામાં રહેતા અને પીજીવીસીએલમાં નોકરી કરતાં રાહુલભાઈ કુલજીભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૨૮)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ રાધેશ્યામ ચોકડી અમરેલીથી રીક્ષામાં બેસી અમરેલી નાગનાથ નાના બસ સ્ટેન્ડે આવતા હતા ત્યારે રસ્તામાં તેના પેન્ટના ખિસ્સામાં રહેલો મોબાઈલ ફોન પડી જતા કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. પોલીસ ચોપડે ફોનની કિંમત રૂપિયા ૪૦૦૦ જાહેર થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૦૪/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી :- ૧. હિંમતભાઈ રવજીભાઈ ધડુક
રહે. જી-૨, ધર્મશક્તિ એપાર્ટમેન્ટ-બી, વરાછા રોડ, કલાકુંજ મંદીર પાસે, કાપોદ્રા, સુરત

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી મેરીયાણા, તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી રેણુકાબેન હિંમતભાઈ ધડુકનો જન્મ તા.૧૪/૦૫/૧૯૭૮ ના રોજ મુ. મેરીયાણા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોંગદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા(જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૯૪/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી :- ૧. હાજીભાઈ હનીફભાઈ પોપટીયા
રહે. મણીનગર, પ્રેસ પાછળ, સાવરકુંડલા

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી આઈશા હાજીભાઈ પોપટીયાનો જન્મ તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોંગદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા(જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

તંત્રી લેખ

ડોનાલ્ડ ટ્રમ્પની આર્થિક નીતિને કારણે યુએસ ઇકોનોમી કોલેપ્સ થશે

વિશ્વના સૌથી મોટા ધનિક અને ડોનાલ્ડ ટ્રમ્પના મિત્ર સહયોગી એલન મસ્કે અમેરિકન પ્રમુખને ચેતવણી આપતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પનું ટેન્શન વધી ગયું છે. કારણ કે તેમને કહ્યું કે નવી આર્થિક નીતિના કારણે અમેરિકા નાદાર થઈ જશે. જો અમેરિકા તેનું બજેટ ઘટાડશે નહીં, તો દેશ નાદાર થઈ શકે છે. મસ્કે ખાસ કરીને દેશની વધતી જતી બજેટ ખાધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જે ગયા નાણાકીય વર્ષમાં $૧.૮ ટ્રિલિયન સુધી પહોંચી ગઈ હતી.

ફેડરલ ખર્ચ ઘટાડવાના અભિયાનનું નેતૃત્વ કરવા માટે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પસંદ કરાયેલા પ્રખ્યાત અબજોપતિ એલોન મસ્કે ચેતવણી આપી છે કે જો અમેરિકા તેનું બજેટ ઘટાડશે નહીં, તો દેશ નાદાર થઈ શકે છે. ટ્રમ્પની નવી સરકાર દ્વારા બનાવવામાં આવેલી એજન્સી 'ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) ના વડાએ મંગળવારે વ્હાઇટ હાઉસ ખાતે ટ્રમ્પ સાથે એક પ્રેસ કોન્ફરન્સમાં આ વાત કહી. મસ્કની આ ચેતવણીને કારણે ટ્રમ્પનું ટેન્શન વધવાનું સ્વાભાવિક છે.

મસ્કે ખાસ કરીને દેશની વધતી જતી બજેટ ખાધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જે ગયા નાણાકીય વર્ષમાં $૧.૮ ટ્રિલિયન સુધી પહોંચી ગઈ હતી. તેમણે કહ્યું કે સંઘીય ખર્ચમાં ઘટાડો હવે વિકલ્પ નથી પણ જરૂરિયાત છે. પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રની આ કડક નાણાકીય નીતિઓ કાનૂની વિવાદોમાં ફસાઈ રહી છે.

ટ્રમ્પે તાજેતરના અઠવાડિયામાં સરકારી ખર્ચ ઘટાડવાના હેતુથી અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યા છે પરંતુ તેમની નીતિઓને કારણે ઘણી ફેડરલ એજન્સીઓ બંધ થઈ ગઈ છે અથવા તેમના કર્મચારીઓને ઘરે મોકલવામાં આવ્યા છે. પરિણામ એ આવ્યું કે આ નિર્ણયોને અમેરિકાની ઘણી અદાલતોમાં પડકારવામાં આવ્યા. વિપક્ષી નેતાઓ અને ઘણા સામાજિક સંગઠનોએ આને સત્તાનો ગેરકાયદેસર દુરુપયોગ ગણાવ્યો છે. અને ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કેસ દાખલ કર્યા છે. અભિમાનમાં આવીને ડોનાલ્ડ ટ્રમ્પે જે વગર વિચારે પગલા ભર્યા છે તેને કારણે યુએસ ઈકોનોમીને ગંભીર નુકસાન થઈ રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ તેઓ ટેરિફ યુદ્ધ ચલાવી રહ્યા છે. કેનેડા, મેક્સિકો અને ચીન પછી, ટ્રમ્પે હવે યુરોપિયન યુનિયન (EU) પર ભારે ટેરિફ લાદવાની વાત કરી છે, જ્યારે EU પણ બદલો લેવાના મૂડમાં છે. આનાથી અમેરિકા અને યુરોપિયન યુનિયન વચ્ચે વેપાર યુદ્ધ શરૂ થઈ શકે છે. જો આવું થશે, તો તેની અસર વૈશ્વિક સ્તરે થશે. ટ્રમ્પનું આ પગલું વૈશ્વિક વેપાર માટે પ્રભાવશાળી અને હાનિકારક છે. બ્રસેલ્સ, આઈએએનએસ. યુરોપિયન કમિશને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ત્રણ દેશો - કેનેડા, મેક્સિકો અને ચીન પર લાદવામાં આવેલા ટેરિફની ટીકા કરી છે. કમિશને કહ્યું કે આ પગલું વૈશ્વિક વેપારને અસર કરે છે અને દરેક માટે હાનિકારક છે. તેમણે ચેતવણી આપી હતી કે જો યુરોપિયન યુનિયન (EU) ને નિશાન બનાવવામાં આવશે, તો તે જવાબ આપશે.

અમેરિકા ફર્સ્ટ નીતિના કારણે અમેરિકા લાસ્ટ થઈ જાય તેવી આશંકા

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સ્ટીલ એલ્યુમિનિયમ પર ટેરીફથી વધુ નુકસાન અમેરિકાને થશે. અમેરિકાની વિશ્વના દેશો સાથેની ટ્રેડ વોર શરુ થઈ ગઈ છે. સત્તામાં આવતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વધારવાની જાહેરાત કરી દીધી છે. ટ્રમ્પની જાહેરાત ભારતના સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગ પર પણ અસર કરશે.

અમેરિકા જે દેશોમાંથી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત કરે છે તેમાં ભારત ભલે ટોચ પર ન હોય, પરંતુ ઈન્ટરનેશનલ ટ્રેડ એડમિનિસ્ટ્રેશન અનુસાર, અમેરિકાએ ૨૦૨૪માં ભારતમાંથી ૨ લાખ મેટ્રિક ટનથી વધુ સ્ટીલ ઉત્પાદનોની આયાત કરી હતી. તેની કિંમત ૪ લાખ ૭૧ હજાર ડોલરથી વધુ હતી. અમેરિકાએ વર્ષ ૨૦૨૪ માં ભારતમાંથી ૧ લાખ ૬૦ હજાર મેટ્રિક ટનથી વધુ એલ્યુમિનિયમ ઉત્પાદનોની આયાત કરી હતી. તેની કિંમત ૪૪૦ મિલિયન ડોલરથી વધુ હતી.

ભારત દ્વારા ઉત્પાદિત લોખંડ, સ્ટીલ અને અન્ય ઉત્પાદનો અને એલ્યુમિનિયમની નિકાસમાં અમેરિકા મહત્વપૂર્ણ છે. ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાંથી લોખંડ અને સ્ટીલની સૌથી વધુ નિકાસ અમેરિકામાં થઈ હતી. છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં, ભારતની કુલ લોખંડ અને સ્ટીલ નિકાસના ૨૮.૧૨ ટકા નિકાસ અમેરિકામાં કરવામાં આવી હતી. તે જ સમયે, ભારતમાંથી એલ્યુમિનિયમ નિકાસમાં અમેરિકા બીજા ક્રમે હતું. ભારતે ગયા વર્ષે તેની કુલ એલ્યુમિનિયમ નિકાસના ૧૨.૪ ટકા નિકાસ અમેરિકામાં કરી હતી.

ટેરિફ લાદવાથી ભારતીય સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગોને નુકસાન થશે. ટ્રમ્પની આર્થિક નીતિનો એક મહત્વપૂર્ણ ભાગ ટેરિફ છે. તેઓ આને યુએસ અર્થતંત્રને વધારવા, નોકરીઓનું રક્ષણ કરવા અને કર આવક વધારવાના માર્ગ તરીકે જુએ છે. ટ્રમ્પ અમેરિકામાં સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માંગે છે. આ માટે, વિદેશથી આવતી વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવો જરૂરી બની જાય છે. ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫% ટેરિફ લાદ્યો તેની ભારત પર શું અસર થશે અને કયા દેશને છૂટ મળશે તેની વિગતો જાણવા મળી નથી.

ટેરિફની આ જાહેરાત પછી, અમેરિકામાં આ ધાતુઓનો આયાત ખર્ચ વધશે. કેટલાક કેનેડિયન રાજકારણીઓની ચેતવણી છતાં ટ્રમ્પની જાહેરાત આવી છે. નોંધનીય છે કે આ ધાતુઓ કેનેડાથી મોટી માત્રામાં અમેરિકા પહોંચે છે. આ ઉપરાંત, આયાત પર નિર્ભર અમેરિકન વ્યવસાયોએ પણ આ પગલા



પર ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ ટ્રમ્પે કહ્યું છે કે તેની યોજનાઓ સ્થાનિક એટલે કે અમેરિકાના ઉત્પાદનને વેગ આપશે. તેમણે ચેતવણી આપી હતી કે વિશ્વના કોઈપણ દેશને આ આયાત ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવશે નહીં. ટ્રમ્પની જાહેરાત પહેલા જ, સોમવારે અમેરિકન સ્ટીલ ઉત્પાદકોના શેરના ભાવમાં વધારો થયો હતો. સ્ટીલ અને એલ્યુમિનિયમના ભાવમાં પણ વધારો થયો હતો. ૨૦૧૮ માં, તેના પહેલા કાર્યકાળ દરમિયાન, ટ્રમ્પે સ્ટીલ પર ૨૫% અને એલ્યુમિનિયમ પર ૧૫% ટેરિફની જાહેરાત કરી હતી. પરંતુ ઓસ્ટ્રેલિયા, કેનેડા અને મેક્સિકો સાથેની વાતચીત બાદ આને આખરે દૂર કરવામાં આવ્યો હતો.

અમેરિકા વિશ્વમાં સ્ટીલનો સૌથી મોટો આયાતકાર દેશ છે. કેનેડા, બ્રાઝિલ અને મેક્સિકો તેના ટોચના ત્રણ સપ્લાયર દેશો છે. ગયા વર્ષે, યુ.એસ.માં આયાત કરાયેલ ૫૦% થી વધુ એલ્યુમિનિયમ ફક્ત કેનેડાથી જ આવ્યું હતું. એ જાણવું જરૂરી છે કે ટ્રમ્પની જાહેરાતથી કયા દેશો પ્રભાવિત થશે? સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ લાદવાની ટ્રમ્પની જાહેરાતની સૌથી મોટી અસર કેનેડા અને મેક્સિકો પર પડશે. અમેરિકામાં સ્ટીલ અથવા તેના ઉત્પાદનોની નિકાસ કરતા ટોચના ૫ દેશો કેનેડા, બ્રાઝિલ, મેક્સિકો, દક્ષિણ કોરિયા અને જાપાન છે. અમેરિકન આયર્ન એન્ડ સ્ટીલ ઈન્સ્ટિટ્યૂટ (AISI) અનુસાર, વર્ષ ૨૦૨૪ માં, અમેરિકામાં સ્ટીલની મહત્તમ આયાત કેનેડાથી થઈ હતી. કેનેડા પછી, બ્રાઝિલ, મેક્સિકો અને દક્ષિણ કોરિયાએ અમેરિકામાં સ્ટીલની નિકાસ કરી હતી. ઈન્ટરનેશનલ ટ્રેડ એડમિનિસ્ટ્રેશન અનુસાર, યુએસમાં મોટાભાગના એલ્યુમિનિયમ ઉત્પાદનો કેનેડાથી આયાત કરવામાં આવે છે. કેનેડા ઉપરાંત, સંયુક્ત આરબ અમીરાત, ચીન, કોરિયા, બહેરીન, આર્જેન્ટિના અને ભારત પણ અમેરિકાને એલ્યુમિનિયમ ઉત્પાદનોની નિકાસ કરે છે. પરંતુ એક વર્ષ પછી, અમેરિકાએ કેનેડા અને મેક્સિકો સાથે તે ટેરિફ નાબૂદ કરવા માટે કરાર કર્યો હતો.

ટ્રમ્પના ઈરાદાઓ પર ટિપ્પણી કરતા, કેનેડિયન ઉદ્યોગ પ્રધાન ફ્રાન્કોઇસ-ફિલિપ શેમ્પેને X પર લખ્યું: કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ મુખ્ય યુએસ સંરક્ષણ, શિપબિલ્ડીંગ અને ઓટો ઉદ્યોગોને ટેકો આપે છે. અમે કેનેડા, અમારા કામદારો અને અમારા ઉદ્યોગો સાથે ઉભા છીએ. આ મહિનાની શરૂઆતમાં, ટ્રમ્પે કેનેડિયન અને મેક્સિકન ઉત્પાદનો પર ૨૫% ટેરિફ લાદવાની ધમકી આપી હતી પરંતુ બાદમાં બંને દેશોના નેતાઓ સાથે વાત કર્યા પછી તે યોજના ૩૦ દિવસ માટે મુલતવી રાખી હતી. તે જ સમયે, અમેરિકામાં આવતા તમામ ચીની માલ પર ૧૦ ટકાની નવી અમેરિકન ડ્યુટી લાદવામાં આવી છે. આ પછી, ચીને પણ અમેરિકાથી આયાત થતા માલ પર ૧૦ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય લીધો છે.

કેનેડિયન નેતાઓ ટ્રમ્પના નવા ટેરિફ પ્લાનની આકરી ટીકા કરી રહ્યા છે, અને કહી રહ્યા છે કે તે સરહદની બંને બાજુ નોકરીઓનો નાશ કરશે. ૩૦ દિવસ માટે ટેરિફ મુલતવી રાખવાથી પહેલાથી જ અસ્થિર સ્થિતિમાં મુકાયેલા વ્યવસાયો અને રોકાણકારો હવે સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગોથી પ્રભાવિત થનારા પ્રથમ લોકોમાં સામેલ છે, જે યુએસ અને કેનેડિયન અર્થતંત્ર બંનેની સહિયારી સફળતા માટે મહત્વપૂર્ણ છે, આ ટેરિફ અમેરિકન વેપારને નુકસાન પહોંચાડશે. તેઓ કહે છે કે ભાવ વધશે અને અમેરિકન કામદારો તેમની નોકરી ગુમાવશે. એનો સીધો અર્થ થાય છે કે અમેરિકાની ખોટ, કેનેડાની ખોટ એટલે ચીનનો ફાયદો, કેનેડા યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્ટીલનો અગ્રણી નિકાસકાર છે, અને આ ઉદ્યોગ કેનેડાના સૌથી વધુ વસ્તી ધરાવતા પ્રાંત ઓન્ટારિયોમાં કેન્દ્રિત છે. ઓસ્ટ્રેલિયા સાથે અમેરિકાનો વેપાર સરપ્લસ છે તેથી તેઓ છૂટ આપવાનું વિચારી રહ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિ સંમત થયા કે બંને દેશોના હિતમાં છૂટછાટ પર વિચારણા કરવામાં આવી રહી છે.

અમેરિકાને નંબર વન બનાવવા માટે ડોનાલ્ડ ટ્રમ્પે આવતાની સાથે વિશ્વના દેશો સામે મોરચો માંડયો છે. પરંતુ યુરોપિયન યુનિયનના દેશોએ તેનો સખત વિરોધ કરતા અમેરિકાએ પોતાના આક્રોશ ઠંડો પાડી દીધો કારણ કે આનાથી અમેરિકાને જ મોટું નુકસાન થઈ રહ્યું છે.

માર્કેટયાર્ડના ભાવ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૩૦૦	૧૪૮૦
ઘઉં લોકવન	૬૦૩	૬૩૯
ઘઉં ટુકડા	૬૧૨	૭૨૬
જુવાર સફેદ	૭૫૦	૯૯૦
જુવાર પીળી	૧૦૦૦	૧૧૦૦
બાજરી	૩૫૦	૪૬૦
તુવેર	૧૧૮૫	૧૫૧૫
ચણા પીળા	૯૬૦	૧૧૪૫
ચણા સફેદ	૧૧૮૦	૨૧૦૦
અડદ	૧૨૮૫	૧૫૭૮
મગ	૧૨૪૦	૧૭૪૦
વાલ દેશી	૮૨૦	૧૧૨૫
ચોળી	૧૩૦૦	૨૪૪૫
મઠ	૫૫૫	૯૫૦
વટાણા	૨૦૦૦	૨૮૭૫
કળથી	૭૫૦	૮૭૫
મગફળી જાડી	૯૧૦	૧૧૧૫
મગફળી જીણી	૯૩૦	૧૨૨૦
તલી	૧૮૭૫	૨૦૬૦
એરંડા	૧૦૦૦	૧૨૩૦
અજમો	૧૧૫૦	૧૭૫૦
સોયાબીન	૭૪૦	૭૮૨
સીંગફાડા	૧૦૭૦	૧૩૨૦
કાળા તલ	૩૬૫૦	૫૨૧૪
લસણ	૮૫૦	૧૬૨૦
ધાણા	૧૨૫૦	૧૫૬૭
મરચા સુકા	૯૦૦	૨૧૫૦
ધાણી	૧૩૦૦	૧૫૬૦
વરીયાળી	૧૦૫૦	૧૨૭૦
જીરૂ	૩૬૨૫	૩૯૫૦
રાય	૧૦૫૦	૧૩૬૬
મેથી	૮૫૦	૧૦૫૦
રાયડો	૧૦૦૦	૧૧૧૧
રજકાનું બી	૩૮૦૦	૩૮૩૮
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૨૫૦	૧૦૫૦
બટેટા	૧૭૦	૩૦૦
ડુંગળી સુકી	૧૫૦	૫૦૦
ટમેટા	૬૦	૧૨૦
સુરણ	૧૨૦૦	૧૪૦૦
કોથમરી	૬૦	૧૨૦
શકકરીયા	૫૦૦	૭૦૦
મુળા	૩૦૦	૫૦૦
રીંગણા	૩૦૦	૬૦૦
કોબીજ	૩૦	૬૦
ફલાવર	૧૦૦	૧૬૦
ભીંડો	૮૦૦	૧૦૦૦
ગુવાર	૧૧૦૦	૧૬૦૦
ચોળાસીંગ	૭૦૦	૧૦૦૦
વાલોળ	૧૦૦	૩૦૦

ટીંડોરા	૩૦૦	૯૦૦
દુધી	૧૦૦	૨૦૦
કારેલા	૪૫૦	૭૨૦
સરગવો	૨૦૦	૧૦૦૦
તુરીયા	૩૦૦	૬૦૦
પરવર	૧૮૦૦	૨૨૦૦
કાકડી	૪૦૦	૭૦૦
ગાજર	૨૦૦	૩૦૦
વટાણા	૩૦૦	૫૦૦
તુવેરસીંગ	૪૦૦	૬૦૦
ગલકા	૩૦૦	૬૦૦
બીટ	૨૦૦	૪૦૦
મેથી	૧૦૦	૨૦૦
વાલ	૬૦૦	૮૦૦
ડુંગળી લીલી	૧૫૦	૨૫૦
આદુ	૬૦૦	૮૦૦
ચણા લીલા	૧૧૦	૩૨૦
મરચા લીલા	૩૩૦	૫૧૦
હળદર લીલી	૪૦૦	૭૦૦
લસણ લીલું	૪૫૦	૮૦૦
મકાઇ લીલી	૨૦૦	૩૨૦
અમરેલી		
શિંગ મઠડી	૯૪૦	૧૧૦૫
ગીરનાર શિંગ	૧૦૮૦	૧૨૪૨
શિંગ મોટી	૯૦૦	૧૧૨૪
શિંગદાણા ફાડા	૧૦૦૨	૧૨૭૦
તલ સફેદ	૧૫૦૦	૧૯૬૫
તલ કાશ્મીરી	૨૪૦૦	૨૪૭૦


સુરણ	૧૧૦૦	૧૩૨૦
ગાજર	૩૦૦	૩૫૦
દૂધી	૧૫૦	૨૫૦
કારેલા	૪૦૦	૬૦૦
ગલકા	૪૦૦	૫૦૦
મુળા	૧૪૦	૧૬૦
કાકડી	૩૦૦	૬૦૦
ગુવાર	૮૦૦	૧૬૦૦
વાલોળ	૨૦૦	૩૦૦
વટાણા	૪૫૦	૫૦૦
ચોળા લીલાં	૪૦૦	૬૦૦
તુરીયા	૪૦૦	૭૦૦
આમળા	૧૧૦૦	૧૨૦૦
ચણાં લીલા	૭૦૦	૮૦૦
ભીંડો	૬૦૦	૮૦૦
તુવેર	૬૦૦	૮૦૦
આદુ	૬૫૦	૭૦૦
કોથમીર	૧૦૦	૧૬૦
મેથીભાજી	૧૦૦	૧૫૦
કુંદીનો	૫૧૦	૬૧૦
ટીંડોરા	૪૪૦	૬૨૦
બીટ	૨૦૦	૩૦૦
વાલ	૩૦૦	૫૦૦
સરગવો	૪૦૦	૮૦૦
લીમડો મીઠો	૧૦૦	૨૪૦
મરચા લીલા	૫૦૦	૭૦૦
મરચા લાલ	૨૦૦	૮૦૦
ડુંગળી લીલી	૨૦૦	૩૦૦

મરચા	૫૦૧	૩૨૫૧
ગુવાર બી	૮૬૧	૮૬૧
મગફળી જાડી	૬૧૧	૧૧૩૧
નવા ઘાણા	૧૦૦૦	૨૨૦૧
નવી ઘાણી	૧૧૫૧	૩૪૫૧
નવું જીરૂ	૨૮૫૧	૪૨૨૧
નવું લસણ	૭૦૧	૨૨૫૧
સફેદ ચણા	૯૦૧	૧૫૯૧
તલ - તલી	૧૭૫૧	૨૨૯૧
ઘાણી	૯૫૧	૧૪૬૧
ડુંગળી સફેદ	૧૮૧	૨૮૧
બાજરો	૪૮૧	૫૮૧
જુવાર	૨૯૧	૬૦૧
મગ	૧૧૫૧	૧૭૮૧
ચણા	૧૦૦૧	૧૧૮૧
વાલ	૫૯૧	૧૨૧૧
ચોળા / ચોળી	૫૧૧	૭૦૧
સોયાબીન	૬૭૧	૭૭૬
ગોગળી	૬૪૧	૯૦૧
સાવરકુંડલા		
શીંગ જીણી	૯૨૦	૧૦૪૦
શીંગ મોટી	૯૭૦	૧૦૮૪
શીંગ ગીરનાર	૧૦૦૦	૧૧૦૦
તલ સફેદ	૧૬૭૭	---
તલ પીળા	૨૪૪૬	---
જીરૂ	૩૬૪૨	૪૧૩૦
કપાસ	૧૩૦૦	૧૪૫૧
ઘઉં લોકવન	૬૦૯	૬૧૪

ઘઉં ટુકડા	૬૧૦	૬૨૫
ચણા છોલે	૧૦૫૦	૧૦૫૦
જુવાર	૫૦૦	૫૦૦
ચણા	૯૫૦	૧૧૨૮
સોયાબીન	૫૦૦	૭૬૫
ધાણા	૧૨૮૫	૧૪૫૦
તુવેર	૯૦૦	૧૪૧૬
મકાઈ	૪૧૦	૪૧૦
શીંગફાડા	૯૦૦	૧૦૫૦
મગફળી	૭૪૦	૮૮૦
તલ	૨૦૫૦	૨૦૫૦
તલ કાળા	૩૧૨૦	૩૧૨૦
રાયડો	૮૦૦	૮૫૦
વાલ	૯૩૦	૯૩૦
ધારી		
કપાસ	૧૧૨૫	૧૪૬૫
મગફળી	૯૭૫	૧૦૦૧
ઘઉં	૩૧૦	૬૦૨
ચણા	૭૭૫	૧૧૧૧
સફેદ તુવેર	૧૨૭૬	૧૩૬૧
ઘાણા	૧૦૦૫	૧૦૦૫
મકાઈ	૪૬૬	૪૬૬
ખાંભા		
કપાસ	૧૨૧૧	૧૪૫૯
સોયાબીન	૬૧૧	૬૧૧
તુવેર	૧૨૦૧	૧૨૦૧
ઘાણા	૧૨૫૧	૧૨૫૧
ભેંસાણ		
ઘઉં ટુકડા	૫૫૦	૭૦૭
બાજરો	૫૫૦	૬૫૦
જુવાર	૫૦૦	૬૫૦
અડદ	૮૦૦	૧૨૦૦
ચણા	૧૦૦૦	૧૧૭૦
દેશી ચણા	૧૨૦૦	૧૪૩૦
તુવેર	૧૨૦૦	૧૪૩૦
તુવેર લાલ	૧૨૫૦	૧૪૦૦
એરંડી	૧૦૦૦	૧૨૦૦
ઘાણા	૧૩૫૦	૧૯૬૨
સોયાબીન	૬૦૦	૭૮૦
બાબરા		
કપાસ શંકર	૧૪૪૦	૧૫૫૦
કપાસ મીડીયમ	૧૨૪૦	૧૩૯૦
મગફળી જી ૨૦	૧૦૪૫	૧૦૭૫
મગફળી બી.ટી.	૧૦૦૫	૧૦૪૫
ઘઉં	૫૦૮	૬૬૨
ચણા	૧૧૦૯	૧૧૪૧
તુવેર	૧૨૨૫	૧૩૯૫
જીરૂ	૩૫૧૦	૩૮૮૦
સોયાબીન	૭૪૫	૭૬૫
બગસરા		
કપાસ	૧૨૦૦	૧૪૬૪
ઘઉં લોકવન	૬૦૯	૬૧૪

શીંગ ૩૯	૮૬૦	૯૬૬
શીંગ જી-૨૦	૯૭૦	૧૦૮૬
એરંડા	૧૦૨૫	૧૦૨૫
જુવાર	૪૨૫	૧૦૦૭
બાજરી	૪૮૨	૬૦૧
ઘઉં ટુકડા	૫૫૦	૭૦૭
કળથી	૬૫૦	૬૫૦
મગ	૧૦૫૦	૧૮૪૦
મેથી	૯૦૧	૯૦૧
સોયાબીન	૭૮૮	૭૬૬
ચણા	૬૪૨	૧૩૫૦
તલ સફેદ	૧૮૪૫	૨૦૨૮
તલ પુરબીયા	૨૩૦૦	૨૫૬૧
તુવેર	૧૨૦૦	૧૪૫૦
જીરૂ	૫૦૪	૪૨૦૦
ડુંગળી લાલ	૨૩૬	૬૩૦
ડુંગળી સફેદ	૨૨૧	૪૨૫
નાળીયેર	૬૦૪	૨૬૨૯
લીલીયા મોટા		
કપાસ	૧૨૮૬	૧૪૫૯
જામનગર		
ઘઉં	૫૫૦	૬૫૫
અડદ	૧૪૦૦	૧૫૩૫
તુવેર	૧૩૦૦	૧૩૬૦
વાલ	૫૦૦	૬૧૫
ચણા	૯૩૫	૧૧૩૧
મગફળી જીણી	૮૫૦	૧૦૪૦
મગફળી જાડી	૮૦૦	૧૦૨૦
એરંડા	૧૧૨૫	૧૨૧૪
તલ	૫૦૦	૧૮૦૦
રાયડો	૭૫૦	૧૦૩૫
રાઈ	૧૧૦૦	૧૨૧૦
લસણ	૫૦૦	૧૨૭૫
કપાસ	૧૦૦૦	૧૫૦૦
જીરૂ	૩૫૦૦	૩૮૭૫
અજમો	૨૧૦૦	૪૫૮૦
ધાણા	૫૦૦	૧૨૦૦
ડુંગળી સૂકી	૧૫૦	૫૮૦
મરચા સુકા	૫૬૬	૩૦૦૦
સોયાબીન	૭૦૦	૭૭૫
રાજુલા		
શીંગ	૮૦૦	૧૦૦૦
તલ પીળા	૨૪૯૩	૨૫૬૩
કપાસ	૧૧૭૫	૧૪૬૫
બાજરો	૫૪૬	૬૧૩
ઘઉં ટુકડા	૫૪૭	૭૦૮
જુવાર	૫૭૫	૬૮૧
તુવેર	૧૦૦૦	૧૪૩૩
ચણા	૧૦૪૦	૧૧૨૭
સોયાબીન	૭૧૨	૭૨૧

શબ્દ સંજોગ-૧૯૫૦



આડી ચાવી :
(૧) તીવ્ર, પ્રબળ (૩)
(૩) સંદેશો કે કાગળ લાવનાર માણસ (૩)
(૬) કારણ, હેતુ (૩)
(૮) ઈશ્વર સંદેશો (૪)
(૯) દિવસ, વાર (૩)
(૧૧) પૂજનના ૧૬ માંહેનો એક પ્રકાર (૪)
(૧૩) મીઠાઈ વગેરે પર લગાવાતું ચાંદીનું પાતળું પતરું (૩)
(૧૪) અદેખાઈ, ગુમાન (આ-અ) (૩)
(૧૬) રંગ-અક્ષર (૨)
(૧૭) શુભ, કલ્યાણ (૩)
(૧૮) નમેલું (૨)
(૨૦) એક અંગ્રેજી તોલ (૨)
(૨૧) લખું (૩)
(૨૨) પ્રેમમાં ક્યારેક આ આપવું પણ પડે (૪)
(૨૪) ક્ષમા આપી શકાય તેવું (૨)
(૨૫) કેડ, શરીરનો મધ્ય ભાગ (૨)
(૨૬) શાયરી કરનાર (૩)

ઉભી ચાવી :
(૧) નિવારી ન શકાય તેવું (૪)
(૨) વધતું, પાછલું (૩)
(૩) કાયદા મુજબ (૫)
(૪) .... સૌ સ્વાર્થના (૨)
(૫) ધમકીને ડરામણી (૪)
(૭) અપરિણીત યુવતી (અંગ્રેજીમાં) (૨)
(૧૦) ઝાડ પર જ પાકેલું (૨)
(૧૧) ચારણ (૬)
(૧૨) મોટાની નાના પ્રત્યેની પ્રેમ-મમતા (૩)
(૧૩) તેમ કરેલા પ્રવાસનું ..... કરો (૩)
(૧૫) મનુષ્ય તરીકેની જિંદગી (૩)
(૧૬) મુખ્ય વૃક્ષ (૪)
(૧૯) એક આયુધ (૪)
(૨૩) ધમકી (૨)

શબ્દ સંજોગ-૧૯૪૯ જવાબ

આડી ચાવી: (૧) ભાર (૨) સમાપન (૬) કમર (૭) માર્જાર (૮) રસમ (૧૦) પીરોજ (૧૨) વોકળો (૧૩) ટન (૧૪) ખલ (૧૫) ફી (૧૬) કમોત (૧૮) સકંજો (૨૧) રામજી (૨૩) મોદક (૨૪) તમર (રમત) (૨૬) રથ (૨૮) ફાંદો (૨૯) ડફ્ટો (૩૦) ડોલર (૩૧) કોરી.

ઉભી ચાવી: (૧) ભાદરવો (૨) સમ (૩) મારપીટ (૪) નમાજ (૫) કરતલ (૬) કમળો (૯) સકરકંદ (૧૧) રોનક (૧૪) ખતમ (૧૭) મોરાર (૧૮) સમોવડ (૧૯) જોકર (૨૦) શ્રુત (૨૨) જીવાદોરી (૨૫) મદાર (૨૭) થડો (૨૮) ફાંકો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સાંસદ ગેનીબેન ઠાકોર અમરેલી જિલ્લામાં ચૂંટણી પ્રવાસે : સભાઓ ગજવી

લેટરકાંડની પીડિતા પાયલ ગોટી સાથે કરી મુલાકાત

અમરેલી, તા.૧૩

બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર આજે અમરેલી જિલ્લાના પ્રવાસે આવી પહોંચ્યા હતા. દરમિયાન 'લેટરકાંડ'ની પીડિતા પાયલ ગોટી સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે જિલ્લામાં કોંગ્રેસને વિજયી બનાવવા વાત કરી હતી. ત્યારબાદ તેઓ ચલાલા, રાજુલા અને સાવરકુંડલા



ખાતે કોંગ્રેસના ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા હતા. જ્યાં તેમણે ચૂંટણી સભાઓ સંબોધી અને ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. રાજયમાં લોકોની સલામતી અને પોલીસ દ્વારા નિર્દોષ લોકોને હેરાન કરાતાં હોવાના આક્ષેપો કર્યા હતા. આ તકે તેમની સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત સહિતના કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા. રાજુલા ખાતે ચૂંટણી સભા દરમિયાન જેનીબેન ઠુંમર, પ્રતાપભાઈ દુધાત, ગેનીબેન ઠાકોરે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપ દ્વારા રાજુલામાં કોંગ્રેસનાં ઉમેદવારોનાં ફોર્મ પરત ખેંચવા કાવાદાવા કરાયા હોવાનું પ્રતાપ દુધાતે જણાવ્યું હતું.

પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી ભુલાણા કે અવગણના ???

પત્રકારો સાથેની વાતચીતમાં કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે જિલ્લા કોંગ્રેસ સમિતિ, જેનીબેન ઠુંમર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખને લેટરકાંડ મુદ્દે અભિનંદન પાઠવ્યા હતા. પરંતુ રાજકમલ ચોકમાં ધરણા પર બેઠેલા પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીનું નામ એક પણ વખત લીધું ન હતું. જે ચર્ચાનો વિષય બન્યો હતો.

ધોરાજીમાં દાતાઓના સહયોગથી બનેલ સરકારી હોસ્પિટલમાં ડોક્ટરોની અછત

ધોરાજી,તા.૧૩

ધોરાજીમાં દાતાઓના દાનથી સરકારી હોસ્પિટલ અદ્યતન બની છે પરંતુ નિષ્ણાંત તબીબોના અભાવે સરકારી હોસ્પિટલ સારવાર માટે નિરર્થક બની રહી છે. ધોરાજીના વતની અને વર્ષોથી બહાર રહેતા ઉદ્યોગપતિઓ દ્વારા વતનનું ઋણ ચૂકવવા સરકારી હોસ્પિટલમાં લાખો કરોડો રૂપિયાનું દાન આપ્યું છે. ધોરાજીના આઈ. પી. ગાંધીએ ચાર માળનું ભવ્ય બિલ્ડિંગ બંધાવી આપ્યું એ બાદ અવારનવાર દાતાઓ દ્વારા જરૂરી હોય તેવી મોંઘીદાટ મશીનરીઓ દાન સ્વરૂપે અપાય છે. પરંતુ દાતાઓ દ્વારા અપાયેલું દાન જાણે પાણીમાં જતું રહ્યું હોય તેવો તાલ સર્જાયો છે. આ સરકારી હોસ્પિટલમાં વર્ષોથી નિષ્ણાંત તબીબોની ઘટ કાયમી રહી છે. ઈમરજન્સીમાં બહાર જતાં દર્દીઓ સમયના અભાવે જાન ગુમાવી ચૂક્યા હોવાના પણ દાખલા બન્યા છે. આ અંગે હોસ્પિટલના અધિક્ષક ડો.જયેશ વેસેટીયનએ જણાવ્યું હતું કે હાલ ચાર મેડિકલ ઓફિસરની જગ્યાએ માત્ર એક ડોક્ટર સેવા આપી રહ્યા છે. જ્યારે નિષ્ણાંત તબીબોની જગ્યા ઘણા સમયથી ખાલી છે. ક્યારેક કોઈ ગંભીર અકસ્માત કે ઈમરજન્સી સમયે નાછૂટકે અન્ય હોસ્પિટલમાં રીફર કરવા પડે છે. આ ૯૦ બેડની હોસ્પિટલમાં કુલ મહેકમ ૬૬ છે જ્યારે તેમાંથી ૩૮ જેટલી જગ્યાઓ હાલ ખાલી પડેલી છે.

મુળદ્વારકા ગામે એન.એસ.એસ. ખાસ શિબિરનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ સંપન્ન

કોડીનાર,તા.૧૩

ભ.ભા. વિદ્યાલય કોડીનાર દ્વારા મુળદ્વારકા ગામે રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)ની ખાસ શિબિરનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ઈન્ડિયન પોટાશ લિમિટેડ કોડીનારના જનરલ મેનેજર યશભાઈ સોલંકી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય હરિસિંહ દાહીમાએ રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદ્ભવ, હેતુઓ અને લક્ષ્યાંકો



વિશે માહિતી આપી હતી. અધ્યક્ષ યશભાઈ સોલંકીએ એન.એસ.એસ. પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને થતા ફાયદાઓની સાથે કોડીનારની જીવાદોરી સમાન સુગર ફેક્ટરી અને ઈન્ડિયન પોટાશ લિમિટેડના આગામી પ્રોજેક્ટ્સ વિશે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં ઈ.આચાર્ય ભૂપેનભાઈ ચૌહાણ, ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગીર સોમનાથ પોલીસ દ્વારા ૧૪૮ નંગ વિદેશી દારૂની બોટલ ઝડપી

ગીર સોમનાથ, તા.૧૩

ગીર સોમનાથ જિલ્લા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરએ બી જાડેજાના માર્ગદર્શન હેઠળ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ બી સિંધવ અને ટીમના સભ્યો પેટ્રોલિંગ કરતા હતા. એ એસ આઈ સુભાષભાઈ ચાવડા, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, અને રાજુભાઈ ગઢીયાની સંયુક્ત કામગીરી દ્વારા બાતમી મળી હતી કે, ઉનાના નીચલા રહીમ નગરના મકરાણી શેરીમાં રહેતા શકીલ ઉર્ફે કાચો સબીર હુસેન બહારોના



મકાનમાં દારૂ છુપાવેલ છે. આ માહિતીના આધારે, અધિકારીઓએ તેના ઘરમાં રેઈડ કર્યો અને ૧૪૮ નંગ વિદેશી દારૂની બોટલ મળી, જેની કિંમત રૂ. ૫૫,૪૧૬/- હતી. આ સાથે, આરોપી પર ચારથી પાંચ ગુના નોંધવામાં આવ્યા અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ધો.૧૦-ધો.૧૨ બોર્ડની પરીક્ષા : વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે આચાર્ય અને શિક્ષકના નામ અને સંપર્ક નંબર જાહેર

અમરેલી તા.૧૩

આગામી ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૫ માં ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડ પરીક્ષાઓ યોજાશે. વિદ્યાર્થીઓને પરીક્ષા બાબતે મૂંઝવણ હોય તો તે અંગે માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે તે માટે આચાર્ય અને શિક્ષકોના નામ અને સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે. કિરિટભાઈ જોટવા સુ. સા. હાઈસ્કૂલ (વડીયા) મો. ૯૮૯૮૪ ૬૭૯૯૯, વી.બી.અગ્રાવત, પારેખ અને મહેતા હાઈસ્કૂલ (જાફરાબાદ) મો. ૯૪૨૬૯ ૮૫૭૩૫, સી.પી.ગોંડલીયા સ્વામી વિદ્યાલય વાંકિયા (અમરેલી) મો. ૯૪૨૭૨ ૩૧૮૨૫, સોનલબેન મશરુ સનરાઈઝ હાઈસ્કૂલ સાવરકુંડલા મો. ૯૪૨૯૨ ૫૭૨૬૮, પી. ડી.પટાટ જી.એન.દામાણી હાઈસ્કૂલ ધારી મો. ૯૮૨૫૭ ૩૬૫૫૦, ધર્મેન્દ્રભાઈ કનાળા જનતા વિદ્યાલય તાતણીયા ખાંભા મો. ૯૯૯૮૩ ૨૦૦૪૫, હસમુખભાઈ કરડ અમૃતબા વિદ્યાલય લીલીયા મો. ૯૪૨૮૮ ૩૬૮૩૬, અનિલભાઈ પરમાર સરકારી માધ્યમિક શાળા દેવકા રાજુલા મો. ૭૫૬૭૦ ૩૧૩૩૩, વિપુલભાઈ ભટ્ટ, એલ.કે.બાબરિયા હામાપુર (બગસરા) મો. ૯૪૨૭૭૪૨૨૭૧ છે.

ચલાલામાં ગાયત્રીપરિવારનો ૨૭પમો નિઃશુલ્ક નેત્રયજ્ઞ-દંતયજ્ઞ યોજાયો

ચલાલા, તા.૧૩

ચલાલામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ૨૭પમો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞમાં કુલ ૧૨૪ દર્દીઓએ લાભ લીધો હતો. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ



નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ-ગાંધીનગર, આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત અમરેલી તેમજ સરકારી આયુર્વેદ દવાખાનું-સરસીયા અને સરકારી હોમિયોપેથી દવાખાનું-જાળિયાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કેમ્પનો શુભારંભ સંસ્થાના વડા ડૉ. રતિદાદા અને વિદેશથી પધારેલા મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તેમજ શીતલબેન સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ પર જનતાબાગમાં પ્રવેશ ફી ને લઈ લોકોમાં આક્રોશ

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા ખાતે આવેલ પંડિત દીનદયાળ (જનતા બાગ)નું સંચાલન કરતા તંત્ર દ્વારા આજના દિવસ પૂરતી પ્રવેશ ફી ન લેવામાં આવે તો ગરીબ અમીર અને મધ્યમ વર્ગના લોકો એક સાથે આ પંડિત દીનદયાળ બાગમાં હરવા ફરવા માટે કે માનસિક થાક દૂર કરવા માટે એક દિવસ પૂરતો તો લાભ લઈ શકે. સાવરકુંડલા શહેરમાં



મહુવા રોડ પર આવેલ પંડિત દીનદયાળ ઉપવન અર્થાત્ જનતા બાગનું સંચાલન કરતાં તંત્ર દ્વારા આ પુણ્યતિથિ દિવસ નિમિત્તે આ કરવા જેવું ખરું. બગીચામાં પ્રવેશ ફી નિઃશુલ્ક કરવામાં આવી હોત તો આ બગીચાનો લાભ ગરીબ વર્ગના લોકો પણ લઈ શકત. આ બગીચામાં પ્રવેશતાં જ તેના રમણીય દ્રશ્યો જોઈને જ માણસને માનસિક શાંતિનો અહેસાસ થાય છે. આવા જાહેર સેવાનો સમ્યક લાભ લઈ શકાય અને આર્થિક માપદંડ નડતરરૂપ ન બને તો જ રામરાજયની પરિકલ્પના પણ સાકાર થઈ શકે ખરી.

ધોરાજીમાં ચૂંટણીના પ્રચાર માટે ગોંડલથી સરકારી ગાડીમાં ભાજપના હોદ્દેદારો આવતા મતદારોનો હોબાળો


ધોરાજી, તા.૧૩

ધોરાજી નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર બે માં ગોંડલ નગરપાલિકાની સરકારી ગાડીમાં બેસીને ભાજપના હોદ્દેદારો પ્રચાર માટે ખેસ નાખીને આવતા સ્થાનિક મતદારોએ હોબાળો મચાવ્યો હતો. વોર્ડ નંબર બે ના રહીશોએ આ અંગે પૂછતા ભાજપના એક આગેવાને જણાવ્યું હતું કે જાઓ તમે ચૂંટણી પંચમાં અમારી ફરિયાદ નોંધાવો. રહીશોએ જણાવેલ કે સત્તાના મદમાં ચૂર થયેલા ભાજપના આગેવાનો સરકારી વાહનનો ઉપયોગ કરી પ્રચાર માટે નીકળ્યા હતા. તેનો સમગ્ર વીડિયો રેકોર્ડિંગ કરી વાઈરલ કર્યો હતો. સમગ્ર મામલે રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયાએ મીડિયાને જણાવ્યું હતું કે, ભાજપ ચૂંટણી જીતવા હવાતીયા મારે છે અને સરકારી તંત્રનો દુરુપયોગ કરી રહી છે. સરકારી અમલદારો અને પોલીસ વિભાગ પણ જાણે સત્તાની સામે એક ત્રાજવે બેસી ગયા હોય તેવો તાલ સર્જાઈ જઈ રહ્યો છે. આ મામલે અમે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવવાની કામગીરી હાથ ધરી છે. જો તેઓ યોગ્ય કાર્યવાહી નહીં કરે તો અમે કોર્ટમાં જઈશું. આ મામલે ધોરાજી શહેર કોંગ્રેસના પ્રમુખ દિનેશભાઈએ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી હતી.

કોડીનાર નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના ૨ ઉમેદવાર ભાજપમાં જોડાયા

કોડીનાર,તા.૧૩

કોડીનાર નગરપાલિકાની ચૂંટણી થઈ રહી છે ત્યારે કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પક્ષના બે ઉમેદવાર ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસના વોર્ડ નંબર ૧ ના ઉમેદવાર અજિતભાઈ ડોડીયા અને ભરતભાઈ કતિરા ગઈકાલે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી અને ધારાસભ્ય પ્રદ્યુમન



વાંઝાના નેતૃત્વમાં ભાજપમાં જોડાયા હતા. તેમણે પક્ષ પ્રેરીત પેનલને પોતાનો ટેકો જાહેર કરતા કોડીનાર કોંગ્રેસમાં સન્નાટો છવાયો હતો.

-:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આથી જણાવીએ છીએ કે, અમારા અસીલશ્રી રાજેશભાઈ ભુપેન્દ્રભાઈ ઠક્કર, રહે ગોપાલનગર, બ્રાહ્મણ સોસાયટી પાસે, લાઠી રોડ અમરેલીનાએ અમો પાસે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામમાં સુથરાઈ હદમાં વરસડા રોડ રસ્તે આવેલ રે.સ.નં.૧૪૮ પૈકીની બીનખેડવાણ જમીન માહે આવેલ 'ગીરધરનગર' ના પ્લોટ નં.૭૨/૩ ની જમીનમાં આવેલ રહેણાંક મકાન જેમાં ગ્રાઉન્ડ ફલોરમાં હોલ, રસોડુ, સંડાસ-બાથરૂમ, ફળી તેમજ ફસ્ટ ફ્લોરમાં બે બેડરૂમ,એટેચડ સંડાસ-બાથરૂમ આવેલ છે. તેના ચો.મી-૪૯.૯૫ છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન કિશોરભાઈ ગીરધરભાઈ સેંજલીયાની વડીલોપાર્જીતની હતી અને વારસાઈ નાતે તેમના માલીકી હકકે આવેલ તેઓ પાસેથી પ્લોટ નં.૭૨ વાળી પ્લોટ મિલ્કત તેમના કુલ મુખત્યાર શામજીભાઈ વલ્લભભાઈ પેથાણી દવારા રસીલાબેન ઘનશ્યામભાઈ આંબલીયાળાએ તા.૨૯-૦૪-૨૦૧૧ના રોજ રજી.વ દ.નં.૧૯૮૫થી વેચાણ રાખેલ હતી ત્યારબાદ તેઓ પાસેથી સતિષભાઈ બાબુભાઈ સોરઠીયાએ તા.૨૦-૦૫-૨૦૧૩ ના રોજ રજી.વ.દ.નં.૧૬૮૯ થી વેચાણ રાખેલ હતી ત્યારબાદ તેઓ પાસેથી શાંતીભાઈ ડાયાભાઈ નવાપરીયાએ તા.૧૪-૦૫-૨૦૧૪ ના રોજ રજી.વ.દ.નં.૧૬૫૮ થી વેચાણ રાખેલ હતી અને ત્યારબાદ તેઓ પાસેથી મનોજભાઈ મગનભાઈ વામજાએ તા.૦૪-૦૪-૨૦૨૨ ના રોજ રજી.વ.દ.નં.૧૭૬૧ થી વેચાણ રાખેલ હતી અને તેમની પાસેથી અમારા ઉપરોકત અસીલશ્રી સદરહુ પ્લોટ નં.૭૨/૩ વાળી મકાન મિલ્કત તા.૧૩-૦૨-૨૦૨૫ના રોજ નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૧૮૩૫ થી કરી ખરીદ કરવા માંગે છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત કુલ મુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હોત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી..

તા. ૧૪/૦૨/૨૦૨૫

અમરેલી.

૧૧૭, ફસ્ટ ફ્લોર, નારણ આર્કેડ, ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી

મામલતદાર કચેરી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી / કેસ.નં.૨૫ / ૨૦૨૫ તા. ૭ /૦૨/૨૦૨૫

શ્રી લાલજીભાઈ ભુપતભાઈ ચૌહાણ
રહે. વેકરીયા, તા. વિસાવદર
.....અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - વેકરીયા, વિસાવદર .....સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી લાલજીભાઈ ભુપતભાઈ ચૌહાણ રહે. વેકરીયા, તા.વિસાવદરએ તેમનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૭ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- વેકરીયા, તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- વેકરીયા, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવમશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૭મી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(એન.બી. લાંઘણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી

નં.જન્મ નોંધણી/અરજી નં.૩૧૦/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કાળેણા જયાબેન જયસુખભાઈ
રહે. શ્રમજીવી નગર શેરી ૨, સાવર સ્મશાન પાછળ, સાવરકુંડલા

- //વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્ર નિતીનકુમાર જયસુખભાઈ કારેણાનો જન્મ તા.૦૪/૦૫/૧૯૮૮ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

-// તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, ધારી //-

બ.ડે.રજી.કેસ નં.૨૦૫/૨૪ નં.એમએજી/વશી/૯૪/૨૦૨૫
તા.૦૬/૦૨/૨૦૨૫

અરજદાર :-શ્રી શાંન્તાબેન વા.ઓ. કરશનભાઈ સીસણાદા
રહે.ધારગણી, તા.ધારી, જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
-વ-
ત.ક.મ.શ્રી ધારગણી ગ્રામ પંચાયત

:: નોટીસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી શાંન્તાબેન વા.ઓ. કરશનભાઈ સીસણાદા રહે.ધારગણી તા. ધારી વાળાએ તેમનો પોતાનો જન્મ તા.૦૫/૦૨/૨૦૨૧ નાં રોજ ધારી તાલુકાનાં ધારગણી ગામ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૭/૦૨/૨૦૨૫ના રોજ ૦૪-૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહિ
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ,
ધારી

-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૧૫/૨૦૨૫

અરજદાર :- શ્રી મહેશભાઈ મણીલાલ પટેલ,
રહે.બ્લોક નં.૫૨, ગુરૂકૃપા નગર-૨,
ગાયત્રી મંદીર રોડ, ચિતલ રોડ,
તા/જી-અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી-અમરેલી.

::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં મહેશભાઈ મણીલાલ પટેલ તેમની પુત્રી પ્રાંજલ મહેશભાઈ પટેલની જન્મ (તા.૦૪/૦૬/૧૯૯૮)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૧/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી
(જી.જી.બાવીસા)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

કોર્ટનો સિક્કો

બ્રહ્મપુત્ર નદી પર ચીનના 'મેગા-ડેમ' પર ભારતની ચાંપતી નજર : કેન્દ્રીય મંત્રી કિર્તિ વર્ધન

નવીદિલ્હી,તા.૧૩



ચીને તાજેતરમાં તિબેટમાં ભારતીય સરહદ નજીક બ્રહ્મપુત્ર નદી પર એક વિશાળ બંધ બનાવવાની જાહેરાત કરી છે. ચીનના આ પગલાથી ભારતમાં બ્રહ્મપુત્ર નદીના પાણી અંગે ચિંતા વધી છે. હવે ભારત સરકારે કહ્યું છે કે તે બ્રહ્મપુત્ર નદી પર ચીનના મેગા ડેમ યોજના સહિત અન્ય વિકાસ પર નજર રાખી રહી છે. કેન્દ્રીય મંત્રી કીર્તિ વર્ધન સિંહે ગુરુવારે રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી. કેન્દ્રીય મંત્રી કીર્તિ વર્ધન સિંહે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે - સરકાર બ્રહ્મપુત્ર નદી સંબંધિત તમામ વિકાસ પર કાળજીપૂર્વક નજર રાખી રહી છે. આમાં ચીનની હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ વિકસાવવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. સરકાર રાષ્ટ્રના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે ૨૦૦૬ માં સ્થાપિત સંસ્થાકીય નિષ્ણાત-સ્તરની પદ્ધતિ અને રાજદ્વારી ચેનલો દ્વારા ચીન સાથે સરહદ પારની નદીઓ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે. કેન્દ્રીય મંત્રી કીર્તિ વર્ધન સિંહે માહિતી આપી છે કે ભારત સરકારે ચીની અધિકારીઓ સમક્ષ સતત પોતાની ચિંતાઓ વ્યક્ત કરી છે. ભારતે ચીનને ખાતરી કરવા કહ્યું છે કે ઉપરવાસના વિસ્તારોમાં કોઈપણ પ્રવૃત્તિથી નીચેના વિસ્તારોના હિતોને નુકસાન ન થાય.

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ: મુખ્યમંત્રી બિરેન સિંહના રાજીનામા બાદ કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

(એચ.એસ.એલ),ઈમ્ફાલ,તા.૧૩



મણિપુરમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય ઉથલપાથલ ચાલી રહી હતી. આ પરિસ્થિતિ વચ્ચે, રાજ્યના મુખ્યમંત્રી એન. બિરેન સિંહે ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમના રાજીનામા બાદ રાજ્યમાં રાજકીય અનિશ્ચિતતા વધુ ઘેરી બની હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રપતિ શાસન લાગુ થવાથી રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેન્દ્ર સરકારના સીધા નિયંત્રણ હેઠળ આવી જશે. આજે મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા અને અર્ધલશ્કરી દળના ઉચ્ચ અધિકારીઓએ રાજભવનમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં, અધિકારીઓએ રાજ્યપાલને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની તૈનાતી અને રાજ્યમાં ચાલી રહેલી ઓપરેશનલ પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય બંધારણના અનુચ્છેદ ૩૫૬ હેઠળ લેવામાં આવ્યો છે. આ અનુચ્છેદ ત્યારે લાગુ કરવામાં આવે છે જ્યારે રાજ્ય સરકાર બંધારણીય જોગવાઈઓ અનુસાર શાસન ચલાવવા માટે અસમર્થ હોય. મણિપુરના સંદર્ભમાં, રાજ્યમાં ચાલી રહેલી રાજકીય અસ્થિરતા અને જાતિ સંઘર્ષને કારણે આ સ્થિતિ ઉભી થઈ હતી.


એકનાથ શિંદે ભાજપથી નારાજ, ફરી એકવાર સીએમ ફડણવીસની બેઠકમાં ગેરહાજર

(એચ.એસ.એલ),મુબઈ,તા.૧૩

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બોલાવેલી મહત્વપૂર્ણ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે ગેરહાજર રહ્યા હતા. જેના કારણે રાજકીય વર્તુળોમાં ગરમાગરમ ચર્ચાઓ શરૂ થઈ ગઈ. આ પહેલા પણ, રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બે કેબિનેટ બેઠકોમાં હાજરી આપી ન હતી અને એક કેબિનેટ બેઠક પહેલા, તેમણે તેમના મંત્રીઓની બેઠક યોજી હતી. આ બધાથી એવી અટકળો વહેતી થઈ છે કે શિંદે નાખુશ છે અને તેમને કેબિનેટમાં સામેલ ન કરવા જેવી તાજેતરની ઘટનાઓએ આ અફવાઓને વેગ આપ્યો છે. ૧૨ ફેબ્રુઆરીના રોજ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે પુણે, નાસિક, નાગપુર અને છત્રપતિ સંભાજીનગરના મેટ્રોપોલિટન વિકાસ સત્તામંડળોની ચર્ચા કરવા માટે એક બેઠક બોલાવી હતી. શિંદે શહેરી વિકાસ વિભાગના વડા હોવાથી, બેઠકમાં તેમની હાજરી અપેક્ષિત હતી.

કાશી વિશ્વનાથ મંદિરમાં ૧.૫ કરોડ ભક્તોએ ૭ કરોડનો પ્રસાદ ચડાવ્યો

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૩



ઉત્તર પ્રદેશના શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં હંમેશા ભક્તોની ભારે ભીડ રહે છે. લાખો ભક્તો દર્શન માટે આવે છે, પરંતુ પોષ પૂર્ણિમાથી માઘ પૂર્ણિમા સુધી ભક્તોએ રેકોર્ડ બનાવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, દોઢ કરોડ ભક્તોએ શ્રી કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત લીધી. મંદિરની હુંડીમાં ૭ કરોડ રૂપિયાથી વધુનું દાન મળ્યું હતું. કાશી વિશ્વનાથ મંદિરના ઈતિહાસમાં મંદિરમાં સૌથી વધુ ભક્તોના દર્શનનો આ એક નવો રેકોર્ડ છે. એક મહિનામાં, એટલે કે પોષ પૂર્ણિમાથી માઘ પૂર્ણિમા સુધી, ૧.૫ કરોડથી વધુ ભક્તોએ બાબા વિશ્વનાથના દર્શન કર્યા. શ્રી કાશી વિશ્વનાથ મંદિરના સીઈઓ વિશ્વ ભૂષણ મિશ્રાએ જણાવ્યું હતું કે મહાકુંભ વિસ્તારમાંથી ભક્તો પાંચ સ્નાન માટે આવ્યા હતા જેમાં વિપરીત પ્રવાહ અને ત્રણ અમૃત સ્નાનનો સમાવેશ થાય છે. ભક્તોએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. આ મહિનો એવો હતો જ્યાં કોઈ પણ મહિનામાં સૌથી વધુ ભક્તો આવ્યા હતા. એક મહિનામાં લગભગ ૧ કરોડ ૬૦ લાખ ભક્તોએ મંદિરની મુલાકાત લીધી છે. અગાઉ, લગભગ ૧.૨૫ કરોડ લોકોએ મંદિરની મુલાકાત લીધી હતી.


આપ ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનને રાહત: ૨૪ ફેબ્રુઆરી સુધી ધરપકડ પર રોક

નવીદિલ્હી,તા.૧૩

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની ધરપકડ પર ૨૪ ફેબ્રુઆરી સુધી રોક લગાવવામાં આવી છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અમાનતુલ્લાહ ખાનની જામીન અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. કોર્ટે અમાનતુલ્લાહ ખાનને આજે સાંજથી જ તપાસમાં જોડાવાનો આદેશ આપ્યો છે. કોર્ટે ૨૪ ફેબ્રુઆરી સુધી અમાનતુલ્લાહની ધરપકડ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. અમાનતુલ્લાહ ખાન પર ૧૦ ફેબ્રુઆરીએ જામિયા નગરમાં પોલીસ ટીમ પર હુમલો કરનાર ટોળાનું નેતૃત્વ કરવાનો આરોપ છે. આ મામલે કેસ નોંધાયા બાદથી પોલીસ અમાનતુલ્લાહ ખાનને શોધી રહી હતી. અમાનતુલ્લાહે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી દાખલ કરી હતી. અમાનતુલ્લાહ ખાને સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહ સમક્ષ અરજી દાખલ કરીને તપાસમાં જોડાતા પહેલા ધરપકડથી રક્ષણ મેળવવાની માંગ કરી હતી.

પીએમ મોદીની ઈલોન મસ્ક સાથે મુલાકાત: આજે ટ્રમ્પને મળશે

વોશિંગ્ટન, તા.૧૩



PM મોદીએ વોશિંગ્ટન ડીસીના બ્લેર હાઉસ ખાતે યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર અને NSA અજિત ડોભાલ પણ હાજર હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની અમેરિકા મુલાકાતના પહેલા દિવસે અમેરિકન ઉદ્યોગપતિ અને ટેસ્લાના ચીફ ઈલોન મસ્કને મળ્યા હતા. મસ્ક મોદીને મળવા માટે બ્લેર હાઉસ પહોંચ્યા હતા. તે પોતાના દીકરાને પણ સાથે લાવ્યા હતા. ગુરુવારે રાત્રે લગભગ ૯ વાગ્યે, પીએમ મોદીએ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈક વોલ્ટ્ઝ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર અને એનએસએ અજિત ડોભાલ પણ હાજર હતા. પીએમ મોદી ગુરુવારે સવારે ૪:૩૦ વાગ્યે અમેરિકા પહોંચ્યા હતા. અહીં પહોંચ્યા પછી તેઓ સૌપ્રથમ યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડને મળ્યા હતા.પીએમ મોદી શુક્રવારે ભારતીય સમય મુજબ રાત્રે ૨:૩૦ વાગ્યે રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળશે. બંને વચ્ચે લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત થશે. આ બેઠકમાં બંને નેતાઓ ટેરિફ અને ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સ સહિત ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરશે.

અત્યાર સુધીમાં બાંગ્લાદેશ હિંસામાં ૧૪૦૦ લોકોના મોત : યુએનનો ચોંકાવનારો અહેવાલ


(એચ.એસ.એલ),જીનીવા,તા.૧૩



બાંગ્લાદેશ હિંસા દરમિયાન ઓછામાં ઓછા ૧,૪૦૦ લોકો માર્યા ગયા છે. આ ચોંકાવનારો અહેવાલ બુધવારે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. ગયા ઉનાળાના છ અઠવાડિયા દરમિયાન બાંગ્લાદેશમાં ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના વિરુદ્ધ વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનો પર કરાયેલ કડક કાર્યવાહીમાં ૧,૪૦૦ થી વધુ લોકોના મોતની આશંકા છે, એમ યુએનએ જણાવ્યું હતું. જીનીવા સ્થિત કાર્યાલયે એક નવા અહેવાલમાં જણાવ્યું હતું કે સુરક્ષા અને ગુપ્તચર સેવાઓ વ્યવસ્થિત રીતે અધિકારોના ઉલ્લંઘનમાં સામેલ હતી જે માનવતા વિરુદ્ધના ગુનાઓ સમાન હોઈ શકે છે અને તેની તપાસ કરવાની જરૂર છે. માનવાધિકાર કાર્યાલયે વિવિધ વિશ્વસનીય સ્ત્રોતોને ટાંકીને જણાવ્યું હતું કે ૧ જુલાઈથી ૧૫ ઓગસ્ટ વચ્ચે થયેલા વિરોધ પ્રદર્શનોમાં ૧,૪૦૦ થી વધુ લોકો માર્યા ગયા અને હજારો ઘાયલ થયાની આશંકા છે.

બ્રિટનમાં ભારતીય મૂળની મહિલા સાથે બ્રિટિશરે જાતિવાદી ટિપ્પણી કરી

(એચ.એસ.એલ),લંડન,તા.૧૩



બ્રિટનમાં એક ભારતીય મૂળની મહિલા પર એક પુરુષ દ્વારા જાતિગત ટિપ્પણી અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. તેનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, મહિલા પોતાને ભારતીય મૂળની હોવાનો દાવો કરી રહી છે. વીડિયોમાં, એક પુરુષ ટ્રેનમાં એક મહિલા પર બૂમો પાડતો જોઈ શકાય છે. દારૂ પીધેલો માણસ સ્ત્રીને કહી રહ્યો છે કે અમે ભારત પર શાસન કર્યું. આપણે ભારત પર વિજય મેળવ્યો હતો. ભારત ઇંગ્લેન્ડનું હતું, પરંતુ અમે ભારતના લોકોને તેમનો દેશ પાછો આપ્યો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ટૂંક સમયમાં ૫૦ રૂપિયાની નવી નોટ બહાર પાડશે

મુંબઈ,તા.૧૩

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)એ જાહેરાત કરી કે ૫૦ રૂપિયાની નવી નોટ ટૂંક સમયમાં જારી કરવામાં આવશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ટૂંક સમયમાં બજારમાં ૫૦ રૂપિયાની નવી નોટ લોન્ચ કરવા જઈ રહી છે. નવી નોટ પર RBI ગવર્નર સંજય મલ્હોત્રાના હસ્તાક્ષર હશે. શક્તિકાંત દાસની નિવૃત્તિ બાદ નિમણૂક થયા બાદ, મલ્હોત્રાએ ડિસેમ્બર ૨૦૨૪ માં કાર્યભાર સંભાળ્યો છે. આરબીઆઈએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે આ નોટોની ડિઝાઈન મહાત્મા ગાંધી (નવી) શ્રેણીની ૫૦ રૂપિયાની નોટો જેવી જ હશે. આ સાથે, આરબીઆઈએ જાહેરાત કરી છે કે બજારમાં પહેલાથી જારી કરાયેલી તમામ ૫૦ રૂપિયાની નોટો માન્ય રહેશે.

મહારાષ્ટ્રમાં જે ગામનો સરપંચ વિપક્ષનો સમર્થક હોય તેને એક રૂપિયો પણ નહીં મળે : મંત્રી નિતેશ રાણે


મુંબઈ,તા.૧૩



મહારાષ્ટ્રના મંત્રી અને ભાજપના નેતા નિતેશ રાણેએ એમ કહીને વિવાદ ઉભો કર્યો છે કે શિવસેના (યુબીટી) અને અન્ય વિપક્ષી પક્ષોના સમર્થકોને તેમના વિસ્તારો માટે કોઈ વિકાસ ભંડોળ મળશે નહીં. સિંધુદુર્ગ જિલ્લાના ઓરોસ ખાતે ભાજપના કાર્યકરોના મેળાવડાને સંબોધતા, મત્સ્યઉદ્યોગ અને બંદર વિકાસ મંત્રીએ કહ્યું કે જો વિપક્ષી મહા વિકાસ આઘાડી ગઠબંધનના કાર્યકરો તેમના મતવિસ્તારનો વિકાસ ઈચ્છતા હોય તો તેમણે ભારતીય જનતા પાર્ટીમાં જોડાવું જોઈએ. તે જ સમયે, વિપક્ષી નેતાઓએ તેમની ટિપ્પણી પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે અને પૂછ્યું છે કે શું મંત્રી તેમના પદના શપથ ભૂલી ગયા છે. મંત્રી નિતેશ રાણેએ કહ્યું, 'ઘણા MVA કાર્યકરો પહેલાથી જ ભાજપમાં જોડાઈ ચૂક્યા છે અને જેઓ બાકી છે તેમને પણ આવું કરવા માટે પ્રોત્સાહિત કરું છું.' ફક્ત (શાસક) મહાયુતિના કાર્યકરોને જ ભંડોળ મળશે.'

સલમાન અને આમિર ખાન ૩૧ વર્ષ પછી આગામી ફિલ્મમાં સાથે કામ કરશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૩



બોલિવૂડના બે મોટા ખાન સુપરસ્ટાર સલમાન અને આમિર ફરી એકવાર મોટા પડદા પર ધૂમ મચાવતા જોવા મળશે. બંને સુપરસ્ટાર ૩૧ વર્ષ પછી મોટા પડદા પર સાથે જોવા મળશે. તેમની ફિલ્મ 'અંદાજ અપના અપના' ફરી એકવાર સિનેમાઘરોમાં આવવા માટે તૈયાર છે. સલમાન અને આમિર ખાનની આ ફિલ્મ રિલીઝ થયા પછી ખાસ ચાલી ન હતી. પરંતુ આ ફિલ્મે ટીવી પર કમાલ કરી અને એક કલ્ટ હિટ ફિલ્મ બની. આજે પણ આ ફિલ્મનો ક્રેઝ લોકોના મનમાંથી જતો નથી. હવે આ ફિલ્મ ફરી એકવાર સિનેમાઘરોમાં રિલીઝ માટે તૈયાર છે. જોકે તેની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આમિર ખાન અને સલમાન ખાન અભિનીત આ ફિલ્મ ૪કે રિમાસ્ટર અને ઉત્તમ સાઉન્ડ ગુણવત્તા સાથે થિયેટરોમાં ફરીથી રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મ વિશ્લેષક તરણ આદર્શે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે. તરણએ પોસ્ટ કરીને લખ્યું, આમિર ખાન - સલમાન ખાન, 'અંદાજ અપના અપના' એપ્રિલમાં ફરી રિલીઝ થશે. ટીઝર કાલે આવશે. તરણ આદર્શની પોસ્ટમાં ફિલ્મના રિમાસ્ટરિંગ પ્રક્રિયા વિશેની વિગતો પણ સામેલ હતી.

આઈપીએલની આગામી સિઝન માટે આરસીબીના કેપ્ટન તરીકે રજત પાટીદારની પસંદગી કરાઈ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૩



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની ૧૮મી સિઝન વર્ષ ૨૦૨૫ માં રમાશે, જે માર્ચના ત્રીજા અઠવાડિયામાં શરૂ થઈ શકે છે. આ અંગે, તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીઓએ તેમની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેમાં કેટલીક ટીમોના કેપ્ટન પહેલાથી જ નક્કી થઈ ગયા છે, જ્યારે કેટલીક ટીમોએ આઈપીએલ ૨૦૨૫ માટે તેમના નવા કેપ્ટનની જાહેરાત કરી દીધી છે. હવે આ યાદીમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમનું નામ પણ ઉમેરાયું છે, જેણે ૧૩ ફેબ્રુઆરીએ બેંગ્લોરમાં આયોજિત એક કાર્યક્રમમાં આગામી સિઝન માટે પોતાના નવા કેપ્ટનની જાહેરાત કરી હતી. આઈપીએલ ૨૦૨૫ માં, રજત પાટીદાર આરસીબી ટીમની કેપ્ટનશીપ સંભાળતા જોવા મળશે, જેના ખભા પર પ્રથમ વખત ખિતાબ જીતવાની જવાબદારી હશે. મેગા ઓક્શન પહેલા આરસીબી ટીમે રજત પાટીદારને ૧૧ કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. જો આપણે ૨૦૨૫ની આઈપીએલ સિઝનમાં આરસીબી ટીમની કેપ્ટનશીપ કરનાર રજત પાટીદારના રેકોર્ડ પર નજર કરીએ, તો મેગા ટી ૨૦ લીગમાં જમણા હાથનો બેટ્સમેન આઈપીએલમાં ૨૭ મેચ રમ્યો છે, જેમાં તેણે ૨૪ ઇનિંગ્સમાં બેટિંગ કરતી વખતે ૩૪.૭૪ ની સરેરાશથી કુલ ૭૯૯ રન બનાવ્યા છે.

ઉનાના વાંસોજ ગામની પ્રા. શાળામાં છતના પોપડા પડતા ૭ વિદ્યાર્થીઓને ઈજા

ગીર સોમનાથ, તા.૧૩

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાંસોજ ગામની સરકારી પ્રાથમિક શાળામાં આજે બપોરે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં શાળાની લોબીમાં સામૂહિક પ્રાર્થના દરમિયાન અચાનક છત પરથી મોટું પોપડું તૂટી પડતાં ૭ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



ઉનાના વાંસોજ ગામની સરકારી શાળાની આ ઘટનામાં સોલંકી હિતેશ બાબુ, ચારણીયા હર્ષિલ કમલેશ, જેઠવા જયદીપ રાજેશ અને વાઢેર સુધાંશુ અરજણભાઈને સામાન્ય ઈજાઓ થઈ હતી. જ્યારે ક્રિશ બાલુ વાજાને ૩ ટાંકા, જયદીપ બાલુ સોલંકીને ૬ ટાંકા અને અશ્વિન ભાણા સોલંકીને ૭ ટાંકા આવ્યા હતા. તમામ ઘાયલ વિદ્યાર્થીઓને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉના સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બપોર પાળીમાં વિદ્યાર્થીઓ પ્રાર્થના બોલતા હતા. આ દરમિયાન સ્લેબમાંથી પોપડું નીચે પડતા સાત વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા.

અમદાવાદમાં પરિણીતાએ ત્રણ સંતાનો સાથે પીધી ઝેરી દવા, માતા-પુત્રનું મોત

અમદાવાદ,તા.૧૩

અમદાવાદમાં પરિણીતાએ પોતાના ત્રણ સંતાનો સાથે ઝેરી દવા પી લેતા માતા-પુત્રનું મોત થયું છે જ્યારે બે બાળકીઓ સારવાર હેઠળ છે. પરિણીતાએ ઘઉંમાં નાખવાની દવા ચોકલેટમાં ભેળવી બાળકો સાથે પોતે પી લીધી હતી. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પરિણીતાએ પોતાના ત્રણ સંતાનો સાથે મળીને ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાએ ઘઉંમાં નાખવાની દવા ચોકલેટમાં ભેળવી પહેલા બાળકોને પીવડાવી હતી અને પછી પોતે પણ ગટગટાવી હતી. પરિણીતાએ આત્મહત્યા પહેલા સુસાઈડ નોટ પણ લખી હતી. સુસાઈડ નોટમાં મોત માટે કોઈને જવાબદાર ગણાવ્યા નથી પણ પતિના હાથે સિંદૂર ન પુરાવતા તેવું લખી મોતને વ્હાલુ



કર્યું હતું. ઓઢવ પોલીસે પરિણીતાના આત્મહત્યા પાછળના કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે. 'મમ્મી-પપ્પા હ ુ થાકી ગઇ છું', પરિણીતાએ સુસાઈડ નોટમાં શું લખ્યુ? ''મમ્મી-પપ્પા હું બહુ જ થાકી ગઈ છું, મારે અને મારા છોકરાને નથી જીવવું. હું જાઉં છું અને મારા ગયા પછી તમે રડતા નહીં અને હું જઉંને મને અને મારા છોકરાને અગ્નિ તમે આપજો. પપ્પા-મમ્મી, ભાઈ તમે લોકો બઉ જ રડતા નહીં અને અમને લોકોને યાદ કરીને રડતા નહીં. હંમેશા તમે લોકો ખુશ રહો.''

સુરતમાં રહેણાંક મકાનમાં ઘૂસી ગયેલા યુવકે લૂંટ ચલાવી અને મહિલા સાથે દુષ્કર્મ આચર્યું

(એચ.એસ.એલ),સુરત,તા.૧૩

સુરત પુણાગામ વિસ્તારના સીતાનગરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક રહેણાંક મકાનમાં ઘૂસી ગયેલા યુવકે લૂંટ ચલાવી હતી અને ત્યારબાદ મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલાની ગંભીરતાને જોતા સુરત ક્રાઈમ બ્રાન્ચ પણ



ઘટનાસ્થળે પહોંચી હતી. મળતી માહિતી મુજબ, સુરત પુણાગામ વિસ્તારમાં સીતાનગરમાં આવેલ એક રહેણાંક મકાનમાં લૂંટ વિથ દુષ્કર્મની ઘટના બની હતી. આરોપીએ મહિલાના ઘરમાંથી રૂ. ૨૫ હજારની લૂંટ કરી હતી અને ત્યારબાદ દુષ્કર્મ આચર્યું હતું. હાલમાં પોલીસ દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે અને આરોપીને પકડવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે અને લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

પાટીદારોના કેસ પરત ખેંચાતા ક્ષત્રિય સમાજે પણ માગ કરી : રાજપૂત સંસ્થાઓનો મુખ્યમંત્રીને પત્ર

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન સમયે પાટીદાર સમાજના લોકો સામે થયેલા કેસો પૈકીના કેટલાક કેસ તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પરત લેવામાં આવ્યા હતા. ત્યારે હવે ક્ષત્રિય સમાજે પણ પદ્માવત ફિલ્મ સમયે અને અસ્મિતા આંદોલન સમયે થયેલા કેસો પરત લેવાની માગ કરી છે. ગુજરાત રાજ્યની રાજપૂત સમાજની સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા મુખ્યમંત્રી, ગૃહરાજ્યમંત્રી સહિતના નેતાઓને પત્ર લખી કેસો પરત લેવાની



માગ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પદ્માવત ફિલ્મ અને ક્ષત્રિય અસ્મિતા આંદોલનના કુલ અંદાજિત ૧૫ કેસ છે જેમાંથી બે કેસ પરત ખેંચાઈ ગયા છે. ૧૩ જેટલા કેસ પરત ખેંચવાના બાકી છે.

જસદણમાં કૌટુંબિક ભાઈએ બહેન પર દુષ્કર્મ આચર્યું : આરોપીની ધરપકડ

રાજકોટ,તા.૧૩

રાજકોટ જિલ્લાના જસદણમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક કૌટુંબિક ભાઈએ પોતાની બહેન પર દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, રાજકોટના જસદણમાં કૌટુંબિક



ભાઈએ પોતાની બહેન પર દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ છે, પીડિતા અને આરોપી વચ્ચે મિત્રતા હતી અને તેઓ અવારનવાર ફરવા જતા હતા. આરોપીએ પીડિતાને ફોટો બતાવવાની ધમકી આપીને દુષ્કર્મ આચર્યું હતું. આરોપી અલગ-અલગ જગ્યાએ લઈ જઈને પીડિતા સાથે દુષ્કર્મ કરતો હતો તેવો પણ આક્ષેપ છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પીડિતાને ન્યાય મળે તે માટે પોલીસ તમામ પાસાઓ પર તપાસ કરી રહી છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નર્સિંગ પરીક્ષા વિવાદ : મેરીટવાળા વિદ્યાર્થીઓને અન્યાય નહિ થાય, આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગરમાં નર્સિંગ પરીક્ષા વિવાદ મુદ્દે બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલનું નિવેદન સામે આવ્યું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પ્રાઈમરી ચર્ચા માટે બેઠક કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ બેઠકમાં અધિકારીઓ, યુનિવર્સિટીના સત્તાવાળાને બોલાવવામાં આવ્યા હતા. આગામી ૩ દિવસમાં મુદ્દો



ઉકેલવામાં આવશે. પરીક્ષાની કેટલીક બાબતો ધ્યાને આવી હોવાનું આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું. સરકાર આગામી સમયમાં વિદ્યાર્થીઓના હિતમાં ઝડપથી યોગ્ય નિર્ણય કરશે.

વધુ એકવાર શિક્ષણ જગત શર્મસાર : સાબરકાંઠામાં શિક્ષકે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું

હિંમતનગર,તા.૧૩

સાબરકાંઠામાં વધુ એકવાર શિક્ષણ જગત શર્મસાર થયું છે. બર્થ ડે કેક કાપવાના બહાને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. હિંમતનગર તાલુકાની ગ્રામ્ય શાળામાં સગીરા અભ્યાસ કરતી હતી. ઈડર રોડ ઉપર આવેલા ગેસ્ટ હાઉસમાં ધોરણ ૧૦માં અંગ્રેજી અને સંસ્કૃત ભણાવતા શિક્ષકે સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ આચરતા સગીરાની સ્થિતિ લથડતા સિવિલ હોસ્પિટલ મૂકી શિક્ષક પલાયન થઈ ગયો હતો. ત્યારે આ મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ



નોંધાતા ખળભળાટ મચી ગયો છે. જણાવીએ કે, શિક્ષક વિદ્યાર્થિનીને બર્થ ડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં તેણે સતત બે કલાક સુધી વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરતાં વિદ્યાર્થિનીની તબિયત લથડી હતી. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થિનીને સિવિલ હોસ્પિટલ ખાતે મૂકીને ભાગી ગયો હતો. જ્યારે સગીર વિદ્યાર્થિનીએ ઘટનાની જાણ કરી, ત્યારે ઘટનાસ્થળે પહોંચેલા પરિવારના સભ્યોએ તેમની પુત્રીને સાંત્વના આપી અને સમગ્ર ઘટના અંગે ગ્રામીણ પોલીસને જાણ કરી. આ સમગ્ર મામલે પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી શિક્ષકને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગર મનપાના એન્જિનિયરે કામના ભારણને કારણે જીવન ટૂંકાવ્યું

સુરેન્દ્રનગર,તા.૧૩

સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા એન્જિનિયરે જોરાવરનગર રેલવે સ્ટેશન પર ટ્રેન નીચે અચાનક પડતું મૂકી જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાથી સમગ્ર મનપામાં ચકચાર મચી છે. મળતી માહિતી મુજબ, સુરેન્દ્રનગર મનપાના એન્જિનિયર નિલેશ દુધરેજીયાએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. કામના ભારણને કારણે આપઘાત કર્યો હોવાની શંકા વર્તાઈ રહી છે. નિલેશ દુધરેજીયા નામના એન્જિનિયરે જોરાવરનગર રેલવે સ્ટેશન પર ટ્રેન નીચે અચાનક પડતું મૂકીને આપઘાત કર્યો હતો. પોલીસ અને રેલવે વિભાગના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. સમગ્ર મામલે ચકચાર મચી છે. આપઘાતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ અને રેલવે વિભાગના અધિકારીઓએ તપાસ હાથ ધરી છે.



ત્રણ મહિનામાં બીજી વખત ઉત્તર ગુજરાતની ધરા ધ્રૂજી : બનાસકાંઠામાં ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ

બનાસકાંઠા, તા.૧૩

બનાસકાંઠા જિલ્લામાં આજે સાંજે ૫:૨૮ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ૩.૮ની તીવ્રતા ધરાવતા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલનપુર શહેરથી ૩૪ કિલોમીટર ઉત્તર દિશામાં નોંધાયું હતું. ભૂકંપના આંચકાને કારણે ઈકબાલગઢ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જો કે, રાહતની વાત એ છે કે આ ભૂકંપમાં કોઈ જાનહાનિ કે માલ-મિલકતને નુકસાન થયાના કોઈ અહેવાલ નોંધાયા નથી. ઉલ્લેખનીય છે કે, આજથી ત્રણ મહિના પહેલા પણ ઉત્તર ગુજરાતમાં ભૂકંપનો આચકો આવ્યો હતો. ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ૪.૨ની તીવ્રતાનો આંચકો પાટણ, પાલનપુર, મહેસાણા, અમદાવાદ સહિતના શહેરોમાં અનુભવાયો હતો. જેનું પાટણથી ૧૩ કિલોમીટર દૂર ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં કેન્દ્રબિંદુ હતું. રાત્રે ૧૦.૧૬ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.







